CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 08

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ


Year : 04, Issue : 73, Dt. 23-07-2026 (THURSDAY) Rs. 02/- Page : 30, RNI No. GUJGUJ/2023/84789

**હાઈ એલર્ટ**
**દક્ષિણ ગુજરાત પાણીમાં ગરકાવ**

# વરસાદના તાંડવથી ડૂબતું ગુજરાત

## ઊમરગામ 50 ઈંચ, કપરડામાં 29, ધરમપૂરમાં 25 ઈંચ





અમદાવાદમાં 8 ઈંચ CM ટ્રાફિકમાં ફસાયા

## PM મોદીએ CM પાસેથી સ્થિતિ જાણી : CM ઈમરજન્સીની બેઠક મંત્રીઓ-સિનિયર IAS અધિકારીઓ મેદાનમાં



વલસાડમાં પુલ તૂટ્યો : 1200 લોકોનું રેસ્ક્યુ



ગુજરાત-મુંબઈનો રેલ વ્યવહાર ઠપ્પ




અનેક ગામડાઓનો સંપર્ક તૂટ્યો : 300 રસ્તા બંધ

**સિટી ન્યૂઝ@સુરત**

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. સવારના ૬થી બપોરના ૨ વાગ્યા સુધીમાં ૧૮૨ તાલુકામાં સૌથી વધુ વરસાદ સુરતના ઉપરપાડામાં ૧૩ ઈંચ નોંધાયો છે. તો નવસારીના ખેરગામમાં ૧૧ ઈંચ, વલસાડના પારડીમાં ૧૧, વલસાડના ઉમરગામમાં ૧૦, ભરૂચના નેત્રગમાં ૧૦ ઈંચ વરસાદ ખાબક્યો છે. નવસારીમાં ભારે વરસાદથી પૂર્ણા નદી ગાંડીતૂર બનતા પૂરને લઈને શહેરનો 30 ટકા વિસ્તાર પાણીમાં ગરકાવ થયો છે. વલસાડના ઉમરગામમાં છેલ્લા ૨૪ કલાલમાં ૩૬ ઈંચથી વધુ વરસાદથી લોકોને છત પર રહેવાની ફરજ પડી છે. હાલ દક્ષિણ ગુજરાતમાં NDRF અને SDRFની ટીમો તૈનાત છે. સુરત જિલ્લામાં ૩ NDRF અને ૫ SDRF, જ્યારે વલસાડ જિલ્લામાં ૩ NDRF અને ૧ SDRF ટીમ કાર્યરત છે. અત્યાર સુધીમાં વલસાડમાં

**સુરતમાં બે મૃતદેહ મળ્યા ખાડીમાં ફરી પૂર**


આશરે ૧૨૦૦ લોકોનું રેસ્ક્યૂ, જ્યારે સુરત શહેરમાં ૧૫૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. નવસારીમાં કાવેરી નદીના કાંઠે ૧૧ ગામમાંથી આશરે ૨૦૦ લોકોને રેસ્ક્યૂ કરીને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. તો ઉમરગામ તાલુકામાં છેલ્લા ૨૮ કલાકમાં આશરે ૪૩ ઈંચ વરસાદ નોંધાયો છે.

સૌરાષ્ટ્રના અમરેલી, જુનાગઢ અને ભાવનગર સહિતના જિલ્લાઓમાં પણ બચાવ ટુકડીઓને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. ૨૩ અને ૨૪ જુલાઈએ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે, જેમાં આજે ૧૧ જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જારી કરાયું છે. તો અમદાવાદ-ગાંધીનગર સહિત આઠ જિલ્લામાં ભારેથી અતિભારેની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ અપાયું છે. તો ગીર સોમનાથ સહિત સાત જિલ્લામાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ અપાયું છે.

### વાપી–વલસાડમાં આભ ફાટ્યું : ભિલાડમાં 24 કલાકથી લોકો છત પર

# વાપીમાં કરોડોના બંગલા બન્યા સ્વીમિંગપૂલ







## પટેલ સમાજની વાડીમાં 100 ગાડીઓ ડૂબી

**સિટી ન્યૂઝ@જયપુર**

અમદાવાદ દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. વલસાડ, વાપી, તાપી અને ડાંગ સહિતના જિલ્લાઓમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. ઓરંગા નદીમાં આવેલા પૂર અને અતિભારે વરસાદને કારણે અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. જ્યારે વહીવટી તંત્ર સતત બચાવ અને રાહત કામગીરીમાં વ્યસ્ત બન્યું છે.

વલસાડ જિલ્લામાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. જ્યાં નજર કરો ત્યાં માત્ર પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. ઓરંગા નદીમાં આવેલા પૂરના કારણે નદીનું પાણી સીધું શેઠીયા નગરમાં ઘૂસી ગયું છે. ઓરંગા નદીના પ્રચંડ પ્રવાહ સામે તંત્ર પણ લાચાર બન્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં વલસાડ જિલ્લામાં સરેરાશ ૨૩ ઈંચ વરસાદ નોંધાતા સમગ્ર જિલ્લો જળબંબાકાર બની ગયો છે. વાપીમાં ભારે વરસાદે લોકોની મુશ્કેલીમાં વધારો કર્યો છે. વાપીમાં પડેલા ૧૭ ઈંચ વરસાદના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. ધરમપુરમાં ૨૦ ઈંચથી વધુ વરસાદ પડતા ઓરંગા નદી ગાંડીતૂર બની ગઈ છે. ભારે વરસાદના કારણે વલસાડ પાસેથી પસાર થતી ઓરંગા નદીએ પોતાના કિનારા વટાવી દીધા છે. અડધી રાત્રે વલસાડ જિલ્લાનું વહીવટી તંત્ર નદી કાંઠે પહોંચી ગયું હતું અને સાયરન વગાડીને લોકોને તાત્કાલિક પોતાના ઘર છોડવા માટે આદેશ આપવામાં આવ્યા હતા. ડાંગ જિલ્લામાં ભારે વરસાદના કારણે અંબિકા, પૂર્ણા, ખાપરી અને ગીરા નદીઓમાં ઘોડાપૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદના પગલે અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થતાં રસ્તાઓ બંધ થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન જિલ્લામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે અને વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

## એક સાથે ચાર સિસ્ટમ સક્રિય

# ગુજરાત ઉપર 48 કલાક ભારેખમ જોખમ



## કેન્દ્ર સરકાર સંપર્કમાં તમામ પ્રકારની મદદની જાહેરાત

## અમદાવાદ પાણી-પીણી, કારો ડૂબી, બંગલાઓમાં પાણી ઘૂસ્યા



અમદાવાદ શહેરમાં આજે સવારથી જ મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. શહેરના અનેક વિસ્તારોમાં મુશળધાર વરસાદ પડતાં ચારેય તરફ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને પશ્ચિમ અમદાવાદના વિસ્તારોમાં ધોધમાર વરસાદના કારણે રસ્તાઓ પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાના કારણે વાહનચાલકો અને સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અમદાવાદ શહેરમાં એસ.જી. હાઈવે, ગોતા, પકવાન ચાર રસ્તા, થલતેજ, ઘાટલોડિયા, કારગિલ ચાર રસ્તા, ચાંદલોડિયા, ન્યૂ રાણીપ અને નારણપુરા સહિતના તમામ વિસ્તારોમાં ભારે વરસાદ નોંધાયો છે. સાબરમતી નદી કિનારે આવેલા વાડજ વિસ્તારમાં પણ મુખ્ય રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. વાડજમાં રોડ પર પાણી ભરાતાં વાહન વ્યવહાર ધીમો પડ્યો હતો.



## સૂરતમાં બીજીવાર પૂરની સ્થિતિ : યુધ્ધના ધોરણે રેસ્ક્યૂ ચાલુ

સુરત શહેર અને જિલ્લામાં સતત વરસી રહેલા મુશળધાર વરસાદને કારણે જનજીવન ભારે પ્રભાવિત થયું છે. માત્ર ૧૫ દિવસના ટૂંકા ગાળામાં જ સુરતમાં બીજી વખત પૂર જેવી વિકટ સ્થિતિ સર્જાઈ છે. અવિરત વરસાદના કારણે શહેર અને આસપાસની મુખ્ય ખાડીઓ ઓવરફ્લો થતાં નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. સણીયાહેમાદ જેવા વિસ્તારોમાં તો કમરસમા પાણી ભરાઈ જતાં સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા છે. સ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈને તંત્ર અને લોકપ્રતિનિધિઓ તરત જ એક્શન મોડમાં આવી ગયા છે. આરોગ્ય રાજ્યમંત્રી અને કામરેજના ધારાસભ્ય પ્રફુલ પાનશેરીયાના પ્રત્યક્ષ માર્ગદર્શન અને સતત દેખરેખ હેઠળ કામરેજ તાલુકામાં રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. મંત્રીશ્રી વરસાદી પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે અને તંત્રને જરૂરી તમામ મદદ અને દિશાનિર્દેશો પૂરા પાડી રહ્યા છે. મંત્રીની સૂચનાથી ગ્રાઉન્ડ ઝીરો પર સ્થાનિક પદાધિકારીઓ અને પ્રશાસનની ટીમે આખી રાત ખડેપગે રહીને બચાવ કામગીરી પાર પાડી હતી.

## વલસાડ બેટમાં ફેરવાયું : કાવેરી નદીએ રૌદ્ર સ્વરૂપ બતાવ્યું



ગુજરાતમાં હવે મેઘરાજા પૂરજોશમાં બેટિંગ કરવાના મૂડમાં છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં એક સાથે ૪ જેટલી વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે, જેના કારણે આગામી ૭ દિવસ સુધી સમગ્ર ગુજરાતમાં સામાન્ય વરસાદી વાતાવરણ ચાલુ રહેશે. ખાસ કરીને આગામી ૨ દિવસ સુધી, રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં અતિ ભારે વરસાદની શક્યતા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, કેટલાક જિલ્લાઓમાં લાલ, નારંગી અને પીળા રંગની ચેતવણી જારી કરવામાં આવી છે. દરિયાકાંઠે તોફાની પવન ફૂંકાય તેવી શક્યતાને કારણે, રાજ્યના તમામ બંદરો પર ભયજનક સંકેત નંબર ૩ લગાવવામાં આવ્યો છે અને માછીમારોને દરિયામાં ન જવાની કડક સલાહ આપવામાં આવી છે. હાલમાં કુલ ૪ સિસ્ટમ સક્રિય છે, જેમાં સાયક્લોનિક સર્ક્યુલેશન, મોનસુન ટ્રફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને અન્ય ટ્રફનો સમાવેશ થાય છે.

### દિવ્ય ભાસ્કર વેબને નરેશ પટેલે આપેલું ઈન્ટરવ્યું

# પાટીદારોએ જ હંમેશા સરકાર બનાવેલી છે !

## હું લેઉવા પટેલ કે પાટીદારોનો સાથ આપું તો હું કંઈ ખોટું નથી કરતોઃ હું મારા સમાજને અમારા અધિકાર અપાવવાની કોશિશ કરૂં છું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતનું રાજકારણ હોય કે ચૂંટણીનો જંગ જામ્યો હોય. બધામાં એક નામ ચર્ચામાં રહે છે. એ નામ છે નરેશ પટેલ, પાટીદારોના પાવર સેન્ટર ખોડલધામના ચેરમેન. ભલભલા રાજકારણીઓને ભૂ પીવડાવી દે તેવું વાકચાતુર્ય અને મેનેજમેન્ટ નરેશ પટેલના કોઠામાં છે. ૨૦૧૭ની ચૂંટણી વખતે ભાજપ-કોંગ્રેસના નેતાઓ તેમને મળવા લાઇન લગાવતા હતા એ દૃશ્યો તમે કદાચ ભૂલ્યા નહીં હો. દિવ્ય ભાસ્કરને આપેલા ઇન્ટરવ્યૂમાં નરેશ પટેલે ખોડલધામમાં અનાર પટેલની એન્ટ્રી, જયેશ રાદડિયા સાથેના વાકયુદ્ધ, ભાજપ-કોંગ્રેસની વિચારધારા સહિત ઘણા મુદ્દાઓ અંગે મોકળા મને વાતચીત કરી છે.

પ્રશ્નઃ ચૂંટણી આવે એટલે નરેશ પટેલ ચર્ચામાં હોય છે. તેનું કારણ શું છે?

નરેશ પટેલઃ એનું કારણ અમારો સમાજ છે. જે સમાજ સૌથી વધુ વસતિમાં હોય, એ સમાજ કોઇપણ ચૂંટણીમાં હંમેશા કેન્દ્રબિંદુમાં આવે.

પ્રશ્નઃ તમે કેમ સક્રિય રાજકરણમાં નથી આવતા?

નરેશ પટેલઃ મુખ્ય ૨ કારણ છે. પહેલું કારણ એ છે કે હું રાજકીય જીવ નથી. સામાજિક સેવા કરતાં કરતાં ક્યાંક મારે રાજકીય વાતાવરણમાં સામેલ થવું પડ્યું છે. એક સમય એવો આવ્યો હતો કે મને ઘણી બધી ઓફર પણ થઇ હતી. એકાદવાર મન બન્યું હતું પણ ખરૂં પણ પછી એમ થયું કે હું સામાજિક વ્યવસ્થામાં છું અને કૌટુંબિક વ્યવસ્થામાં છું. એ વ્યવસ્થા ઉત્તમ છે.

પ્રશ્નઃ એક સમયે રાજકારણમાં જોડાવાનું તમારૂં મન બની ગયું હતું. તમે કયો પક્ષ પસંદ કરત? કોની વિચારધારા સાથે જવાના હતા?

નરેશ પટેલઃ (હસતા હસતા) એ પ્રશ્ન અઘરો છે. હું સ્વતંત્ર વિચારનો છું. હું ક્યારેય કોઇ વિચારધારામાં વહેતો નથી. હું એવું માનું છું કે સારા લોકોથી સારૂં સંચાલન થાય અને નીચેના લોકો સુધી કામો પહોંચે.

પ્રશ્નઃ તમને કોની વિચારધારા ગમે? ભાજપ કે કોંગ્રેસ?

નરેશ પટેલઃ બન્નેમાં કંઇક સારૂં છે, કંઇક ખરાબ છે. ક્યારેય કોઇ માણસ, પાર્ટી કે સંસ્થા બધી રીતે બરાબર ન હોય.

પ્રશ્નઃ આવનારી ચૂંટણીમાં શું તમે સક્રિય રાજકારણમાં દેખાશો?

નરેશ પટેલઃ બિલકુલ નહીં.

પ્રશ્નઃ એક સમયે તમારી અને જયેશ રાદડિયા વચ્ચે એકબીજાનું નામ લીધા વગર વાકયુદ્ધ થયા હતા. એ ખટરાગ શું હતો?

નરેશ પટેલઃ મેં કોઇ દિવસ કોઇ વાક્યનો પ્રયોગ નથી કર્યો. જયેશે કર્યા હોય તો એ તેને ખબર હોય. વિઠ્ઠલભાઇ મારા અંગત મિત્ર હતા. તેની સાથે મારે ભાઇ જેવું બનતું. જયેશ પણ મારો દીકરો જ કહેવાય. રાજકીય બાબતોમાં ક્યાંકને ક્યાંક તેને એવું લાગ્યું હોય કે હું તેને આડે આવતો હોઉં. આ મુદ્દે પણ અમારે વાતચીત થઇ ગઇ. જેમાં એવી કોઇ બાબત નહોતી. હવે ફરીથી એક પ્લેટફોર્મ ઉપર અમે બન્ને આવ્યા છીએ.

પ્રશ્નઃ જયેશ રાદડિયાને ક્યાં મનદુખ થયું હતું?

નરેશ પટેલઃ એવી કોઇ વાત થઇ નહોતી. એવું નક્કી કર્યું હતું કે ભૂતકાળમાં જે પણ બની ગયું તેને આજે ભૂલી જવાનું અને નવેસરથી આપણે જેમ હતા તેમ જ રહેવાનું. મતભેદ હોઇ શકે, મનભેદ ક્યારેય ન હોય. આપણે હંમેશા ભવિષ્ય જોવાનું હોય. ભવિષ્ય જોઇને આગળ વધીએ તો રાજકીય રીતે અને દરેક સમાજને ફાયદો છે.

> ❞ પાટીદારની વસતિ વધારે હોય તે વિસ્તારમાં પાટીદાર સરપંચ હોય તો વધુ સારૂં થાય

પ્રશ્નઃ ખોડલધામમાં અનાર પટેલની એન્ટ્રી પાછળનું મુખ્ય કારણ શું? એ દિવસે તમે કહ્યું હતું કે પ્રોટોકોલ તોડીને હું આ જાહેરાત કરૂં છું.

નરેશ પટેલઃ એ સ્ટેજ પરનો કાર્યક્રમ હતો. પ્રોટોકોલ તોડવાની વાત મેં એટલે કરી હતી કેમ કે હું ક્યારેય જાહેરાત કરતો નથી પણ અનારબેનની જાહેરાત મારે સંગઠન અધ્યક્ષ તરીકે કરવાની થઇ એટલે મારે પ્રોટોકોલ તોડવો પડ્યો. મેં એ જાહેરાત એટલા માટે કરી કે અનારબેનને મહિલા સશક્તિકરણ તરીકે પ્રસ્થાપિત કરવા હતા. ખોડલધામ આવો દાખલો બેસાડે કે આટલી મોટી સંસ્થામાં એક મહિલા પણ સંગઠન અધ્યક્ષ બની શકે.

પ્રશ્નઃ તો એવું કહી શકાય કે ૨૦૨૭માં અનારબેન ખોડલધામ તરફથી રજૂ થશે?

નરેશ પટેલઃ હું નથી માનતો. મારે તેમની સાથે આવી ક્યારેય ચર્ચા નથી થઇ.

પ્રશ્નઃ જે-તે સમયે આનંદીબેન પટેલને મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપવું પડ્યું હતું. તમને આમાં કોનો રોલ લાગે છે?

નરેશ પટેલઃ આનંદીબેનને હટાવવામાં આવ્યા એ બહુ દુખની વાત છે. જે કોઇનો રોલ હતો અથવા હશે, તેને કુદરત ક્યારેય છોડશે નહીં.

પ્રશ્નઃ શું તમારી એવી કોઇ માંગ છે કે ૨૦૨૭ની ચૂંટણીમાં ગોંડલ બેઠક પરથી કોઇ પાટીદાર નેતાને ટિકિટ મળે?

નરેશ પટેલઃ ક્યારેય ખોડલધામની કોઇ માંગ નથી હોતી. કોઇપણ પાર્ટી અમને અમારા અધિકારો આપે એમાં હંમેશા અમને સંતોષ હોય છે. ગોંડલમાં કોને ટિકિટ આપવી એ દરવખતે પાર્ટી જ નક્કી કરે છે. કોઇપણ પાર્ટીમાં ફક્ત ભલામણ જ કરી શકાય પછી પાર્ટી જ નક્કી કરે છે. પાર્ટી એક જ વાત વિચારતી હોય છે કે અમને વધારે ધારાસભ્યો ક્યાંથી મળે.





### CJPના અભિજીત દીપકેનો આરોપ

# ભાજપના ગુંડાઓ પથ્થરમારો કરે છે

**જંતર-મંતર પર પોલીસ વિરુધ્ધ નારા લાગ્યાઃ વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે ફરી અથડામણ 2 ACP ઘાયલ, યુવાનો સામે FIR**

## શિક્ષણમંત્રીને હટાવે સરકારઃ રાજ ઠાકરે



મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પ્રમુખ રાજ ઠાકરે અને શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ગુરુવારે મુંબઈમાં સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરી. બંનેએ NEET પેપરલીક મામલે જવાબદારી નક્કી કરવાની માગ કરી. રાજ ઠાકરેએ ૨૬/૧૧ મુંબઈ આતંકી હુમલાઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે તે સમયે ગૃહ મંત્રીને પદ પરથી હટાવવામાં આવ્યા હતા, તે જ રીતે હવે શિક્ષણ મંત્રીને હટાવવા જોઈએ.

## શિક્ષણ તંત્રને મજબૂત બનાવોઃ અભિનવ બિન્દ્રા



શૂટર અભિનવ બિન્દ્રાએ કહ્યું, મેં ક્યારેય પોતાને રાજકીય વ્યક્તિ માન્યો નથી. પરંતુ મારું માનવું છે કે કેટલાક મુદ્દાઓ એવા હોય છે જે આપણા બધાના હોય છે, ભલે આપણા રાજકીય વિચારો ગમે તે હોય. શિક્ષણ આવો જ એક મુદ્દો છે. તેમણે કહ્યું, આપણે બધા એકજૂટ થઈને આપણા શિક્ષણ તંત્રને સતત અને મજબૂત બનાવવા માટે સાથે મળીને કામ કરીએ, જેથી તે આવનારી પેઢીઓ માટે તકની મજબૂત આધારશિલા બની રહે.

## PM રાજીનામું આપે CJPએ પોસ્ટ મુકી


Cockroach Janta Party
@CJP_for_India · Follow
प्रधानमंत्री जी इस्तीफा दो।
9:36 AM · Jul 23, 2026
6K Reply Copy link

## ધીરજ રાખો શિખર ધવન



ક્રિકેટર શિખર ધવને કહ્યું, 'આપણા યુવાનો જ આપણા દેશનું ભવિષ્ય છે. તેમના સપના, આશાઓ અને આકાંક્ષાઓને સમજવા જેટલું જરૂરી છે, તેટલું જ મુશ્કેલ સમયમાં ધીરજ જાળવી રાખવી અને દેશની સંસ્થાઓ તથા સરકાર પર વિશ્વાસ રાખવો પણ આવશ્યક છે.' તેમણે કહ્યું, 'મારું માનવું છે કે દરેક પડકારનો ઉકેલ ધીરજ અને સંયમથી જ નીકળે છે. ભારત હંમેશા આગળ વધ્યું છે અને આગળ પણ આ જ રીતે નિરંતર પ્રગતિ કરતું રહેશે.'

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સામાજિક કાર્યકર અન્ના હજારેએ ગુરુવારે વિદ્યાર્થીઓના પ્રદર્શનના સમર્થનમાં મહારાષ્ટ્રના અહિલ્યાનગરમાં મૌન આંદોલન શરૂ કર્યું છે. તેમણે પીએમ મોદીને પત્ર પણ લખ્યો હતો.તેમનું કહેવું છે કે પીએમ સર્વોચ્ચ નેતા છે, તેથી જનતાના સવાલો તેમના સુધી પહોંચાડવા જરૂરી છે. બીજી તરફ, કોકરોચ જનતા પાર્ટીના પ્રદર્શન વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં શુક્રવારે સુનાવણી થશે.એક જનહિત અરજીમાં અપીલ કરવામાં આવી છે કે પ્રદર્શનકારીઓએ દિલ્હીને બંધક બનાવી દીધું છે. ઘણા રસ્તાઓ બંધ છે અને સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.દિલ્હીના જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટીનું પ્રદર્શન ચાલુ છે. ગુરુવારે સવારથી જ હજારો લોકો ત્યાં એકઠા થયા છે. પાર્ટી પ્રમુખ અભિજીત દીપકે આરોપ લગાવ્યો કે ભાજપ દ્વારા મોકલેલા ગુંડાઓ પ્રદર્શનકારીઓ વચ્ચે આવીને પથ્થરમારો કરી રહ્યા છે.

## ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સુધી પ્રદર્શન ચાલુ રહેશે

### CJPના પ્રવકતાએ જાહેરાત કરી

ગુરુવારે સવારે જ પાર્ટી પ્રવક્તા આશુતોષ રાંકાએ કહ્યું કે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સુધી કોકરોચ જનતા પાર્ટીનું પ્રદર્શન ચાલુ રહેશે. રાંકાએ કહ્યું કે અમે સરકાર સાથે વાતચીત કરવા તૈયાર હતા, પરંતુ સરકારે સમય બરબાદ કર્યો. હવે જો તેમને વાત કરવી હોય, તો જંતર-મંતર આવવું પડશે.

### PM સર્વોચ્ચ નેતા છે, તેથી જનતાના સવાલો તેમના સુધી પહોંચાડવા જરૂરીઃ અન્ના હજારે

# વિદ્યાર્થી આંદોલનને અન્નાનો ટેકોઃ મૌન વ્રત શરૂ



## મહારાષ્ટ્રના અહિલ્યાનગરમાં આંદોલન શરૂ કર્યું

સામાજિક કાર્યકર અન્ના હજારેએ વિદ્યાર્થીઓના પ્રદર્શનના સમર્થનમાં મૌન આંદોલન શરૂ કરી દીધું છે. આ પહેલાં તેમણે પ્રદર્શનને લઈને પીએમ મોદીને પત્ર પણ લખ્યો હતો. તેમનું કહેવું હતું કે પીએમ સર્વોચ્ચ નેતા છે, તેથી જનતાના સવાલો તેમના સુધી પહોંચાડવા જરૂરી છે. અન્ના હઝારેએ દિલ્હીમાં ચાલી રહેલાં વિદ્યાર્થીઓના આંદોલનના સમર્થનમાં વાડિયા પાર્ક સ્થિત ગાંધી સ્મારક પર મૌન પ્રદર્શનમાં ભાગ લીધો. આ દરમિયાન અન્ના હઝારે ભાવુક પણ થઈ ગયા. પછી તબિયત ખરાબ થવાને કારણે થોડા સમય પછી તેમને પ્રદર્શન સ્થળ છોડવું પડ્યું. તેમના ગયા પછી પણ મૌન પ્રદર્શન ચાલુ રહ્યું.

# હવે સરકારે જંતર-મંતર પર આવવું પડશેઃ CJP

### ફરીથી દિલ્હીમાં દેશભરમાંથી વિદ્યાર્થીઓ ઉમટી રહ્યા છે



સરકારે ગુરુવારે જણાવ્યું હતું કે તે કોકરોચ જનતા પાર્ટી (CJP) સાથે કોઈપણ સમયે વાતચીત કરવા તૈયાર છે. કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે દાવો કર્યો હતો કે બુધવારે બપોરથી અત્યાર સુધી CJPને ચાર વખત પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે. જેપી નડ્ડાના ઘરે કે ઓફિસમાં, ગમે ત્યાં વાતચીત થઈ શકે છે અને બંને મંત્રીઓ તેમાં સામેલ થશે. બીજી તરફ CJP એ સરકારનો પ્રસ્તાવ ઠુકરાવી દીધો. CJP પ્રવક્તા સૌરવ દાસે કહ્યું કે જો સરકાર વાતચીત કરવા માંગે છે તો જંતર-મંતર આવે અથવા પ્રદર્શન સ્થળ નજીક કોઈ તટસ્થ જગ્યાએ વાતચીત કરે. સૌરવે કહ્યું- અમને પોલીસે જણાવ્યું કે સરકારે વાતચીત માટે બોલાવ્યા છે, પરંતુ અમે કોઈના ઘરે કે ઓફિસમાં નહીં જઈએ.




# CJP પ્રદર્શન વિરુધ્ધ દિલ્હી હાઈકોર્ટમાં કાલે સુનાવણી

### મેટ્રો સ્ટેશન બંધ થવાનો મામલો સુપ્રિમ કોર્ટ સુધી પહોંચ્યો

કોકરોચ જનતા પાર્ટીના પ્રદર્શન વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં શુક્રવારે સુનાવણી થશે. એક જનહિત અરજીમાં અપીલ કરવામાં આવી હતી કે પ્રદર્શનકારીઓએ દિલ્હીને બંધક બનાવી દીધું છે. ઘણા રસ્તાઓ બંધ છે અને સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.જસ્ટિસ ડીકે ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કરિયાની બેન્ચે કહ્યું કે, આવતીકાલે સુનાવણી થશે. વકીલ બરુણ કુમાર સિંહાએ આ અરજી દાખલ કરી હતી. વિદ્યાર્થીઓના પ્રદર્શનો વચ્ચે મેટ્રો સ્ટેશન બંધ કરવાનો મામલો ગુરુવારે સુપ્રીમ કોર્ટ પહોંચ્યો. સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના અધ્યક્ષ વિકાસ સિંહે મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતને અપીલ કરી. તેમણે કહ્યું કે ઓછામાં ઓછા સુપ્રીમ કોર્ટના વકીલો, કોર્ટ સ્ટાફ અને માન્ય પ્રવેશ પાસ ધરાવતા પક્ષકારોને સ્ટેશનમાંથી બહાર નીકળવાની મંજૂરી આપવામાં આવે. ત્યારબાદ CJIએ કહ્યું કે જરૂર પડ્યે દખલ કરવામાં આવશે. વાસ્તવમાં, ગુરુવારે સવારે દિલ્હીના ૧૬ મેટ્રો સ્ટેશન આગામી આદેશ સુધી બંધ કરી દેવામાં આવ્યા છે.

## દિલહીન તંત્ર; કાયદાના રક્ષકોએ જ નિયમો તોડી નાંખ્યા

# શરમજનક દિલ્હી પોલીસ...!

## પોલીસની ચાર મોટી ભૂલ !



પ્રદર્શનકારી યુવતિઓને ખોટી રીતે માર મારવો



મોટાભાગના સુરક્ષાકર્મીઓની નેમપ્લેટ ગાયબ હતા



યુનિફોર્મ વિના પ્રદર્શનકારીઓને મારનાર કોણ હતા ?



જરૂરિયાતણી ખૂબ વધારે બળનો ઉપયોગ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ડિયર દિલ્હી પોલીસ, ૨૦ જુલાઈના રોજ દેશના યુવાનો પોતાની માંગણીઓ સાથે સંસદ તરફ જઈ રહ્યા હતા. ૫ હજારથી વધુ સુરક્ષાકર્મીઓ લાઠી, ટીયર ગેસ અને પથ્થરો સાથે તેમના પર તૂટી પડ્યા. આ દરમિયાન કેમેરામાં તેમની કેટલીક એવી હરકતો પણ રેકોર્ડ થઈ ગઈ, જે ગેરકાનૂની હોવા ઉપરાંત કોઈ પ્રોફેશનલ પોલીસ માટે અત્યંત શરમજનક પણ છે.

આ કેટલાક રેકોર્ડ કરાયેલા કિસ્સાઓ છે. છોકરીઓએ મીડિયા કેમેરા પર જણાવ્યું કે પુરુષ સુરક્ષાકર્મીઓ લાઠીઓ ચલાવતા ગાળો આપી રહ્યા હતા.

અભિજીત દીપકેએ દાવો કર્યો કે દિલ્હી પોલીસના પુરુષ અધિકારીએ એક છોકરીના કપડાં ફાડ્યા અને તેની છાતી પર પગ મૂકીને માર માર્યો છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, એટલે કે BNSSની કલમ ૪૩ મુજબ, ફક્ત મહિલા પોલીસ કર્મચારી જ મહિલાને ધરપકડ કરી શકે છે અથવા સ્પર્શ કરી શકે છે. સિવિલ રાઇટ્સ એક્ટિવિસ્ટ અને એડવોકેટ વિનય શ્રીનિવાસના મતે, મહિલા પ્રદર્શનકારીઓ સાથે ફક્ત મહિલા પોલીસ અથવા સુરક્ષા દળો જ વ્યવહાર કરી શકે છે.

જો કોઈ વ્યક્તિ મહિલાની ગરિમાને ઠેસ પહોંચાડવાના ઇરાદાથી તેની સાથે મારપીટ કરે છે, તો BNSની કલમ ૭૪ હેઠળ આ ગુનો છે. આ માટે ૧થી ૫ વર્ષની સજાની જોગવાઈ છે.

# નિયમ-કાયદો શું છે ?

- પોલીસ યુનિફોર્મ સંબંધિત સ્ટેન્ડિંગ ઓર્ડર-૫૧માં સ્પષ્ટપણે લખેલું છે કે કાયદો અને વ્યવસ્થા, પ્રદર્શન, ગાર્ડ ડ્યુટી, પરેડ અથવા અન્ય પ્રસંગોએ તૈનાત અધિકારીઓ અને કર્મચારીઓએ નિર્ધારિત યુનિફોર્મ પહેરવો ફરજિયાત છે.
- પોલીસ મેન્યુઅલ મુજબ, સિવિલ ડ્રેસ એટલે કે સાદા કપડામાં તૈનાત પોલીસ ફક્ત ગુપ્ત માહિતી એકત્રિત કરે છે અથવા કાયદો અને વ્યવસ્થા જાળવવામાં મદદ કરે છે. ભીડને હટાવવાનો, વિખેરવાનો કે લાઠીચાર્જ કરવાનો આદેશ અને તેનો અમલ ફક્ત વર્દીધારી પોલીસ દળ જ કરી શકે છે.
- BNSSની કલમ ૧૪૮ મુજબ, ભીડને હટાવવાનો કે લાઠીચાર્જ કરવાનો આદેશ ફક્ત વિસ્તારના એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ અથવા પોલીસ સ્ટેશનના પ્રભારી અથવા તેનાથી ઉપરના અધિકારી જ આપી શકે છે.



- એસ આર દારાપુરી માને છે કે સાદા કપડામાં પોલીસકર્મીઓ દ્વારા લાઠીચાર્જ કરવો સંપૂર્ણપણે ગેરકાનૂની છે. આ સુપ્રીમ કોર્ટના નિર્દેશો અને ડિપાર્ટમેન્ટલ ઓર્ડર્સનું ઉલ્લંઘન છે. આવા કિસ્સામાં, તોફાની તત્વો સાદા કપડામાં સરળતાથી ભીડમાં ઘૂસીને હંગામો કરી શકે છે.
- જો સાદા કપડામાં હાજર કર્મચારીઓ મારપીટ કરે અથવા રસ્તો રોકે, તો પીડિત તેમના વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, એટલે કે BNSની કલમ ૧૧૫(૧), ૧૧૭, ૧૧૮, ૧૨૬, ૧૩૧ અને ૩૫૧ હેઠળ ફરિયાદ નોંધાવી શકે છે. કારણ કે સાદા કપડામાં કર્મચારીઓને ઓન-ડ્યુટી પોલીસ ઓફિસર તરીકે ઓળખવા મુશ્કેલ છે.
- ભારતીય ન્યાય સંહિતા, એટલે કે BNSની કલમ ૩૪થી ૪૪ સુધી દરેક નાગરિકને પોતાનો જીવ બચાવવા માટે બળનો ઉપયોગ કરવાનો અધિકાર આપે છે. જો સાદા કપડામાં કોઈ અજાણ્યો વ્યક્તિ કોઈના પર હુમલો કરે તો તે આત્મરક્ષામાં વળતો પ્રહાર કરી શકે છે.

## દેશના યુવાનોનું હિત અને તેમનું ભવિષ્ય અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છેઃ વડાપ્રધાન

# પેપર લીક કેસમાં ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવાશેઃ PM મોદી

## PMનું સખ્ત ટ્રેન્ડઃ દોષિતોને છોડીશું નહીં દેશમાં પેપર લીકના કેસોમાં અલગ ફાસ્ટ ટ્રેક કોર્ટ ન્હોતી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

જંતર-મંતર પર ચાલી રહેલા પેપર લીક કેસ પર પ્રદર્શન વચ્ચે પીએમ મોદીએ ગુરુવારે X પર પોસ્ટ કરીને લખ્યું કે પેપર લીકના દોષિતોને સજા આપવા માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવામાં આવશે. દેશના યુવાનોનું હિત અને તેમનું ભવિષ્ય અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. યુવાનોના ભવિષ્ય સાથે ચેડા કરનારાઓને છોડવામાં આવશે નહીં.દેશમાં અત્યાર સુધી પેપર લીકના કેસો માટે અલગ ફાસ્ટ ટ્રેક કોર્ટ નહોતી. આવા કેસોની સુનાવણી સામાન્ય કોર્ટમાં થતી હતી, તેથી નિર્ણય આવવામાં ઘણીવાર ઘણા વર્ષો લાગી જતા હતા. હવે વડાપ્રધાને પેપર લીકના કેસો માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવાની જાહેરાત કરી છે, જેથી તેમની સુનાવણી અને નિર્ણય ઝડપથી થઈ શકે.ફાસ્ટ ટ્રેક કોર્ટનો રેકોર્ડ પણ સારો રહ્યો છે. કેન્દ્ર સરકાર અનુસાર, રેપ અને POCSO કેસો માટે બનેલી ફાસ્ટ ટ્રેક કોર્ટે ૨૦૧૯ થી ૨૦૨૫ સુધીમાં ૩.૦૬ લાખથી વધુ કેસોનો નિકાલ કર્યો છે.આ કોર્ટનો ડિસ્પોજલ રેટ ૯૬.૨૮% છે, એટલે કે જેટલા નવા કેસો આવ્યા, લગભગ તેટલા જ કેસોનો નિકાલ પણ થયો. જોકે, નવા કેસો સતત નોંધાવાને કારણે ૨૦૨૫ના એન્ડ સુધીમાં ૨.૪૫ લાખથી વધુ કેસો પેન્ડિંગ હતા, જ્યારે ૨૦૨૪ના અંતમાં આ સંખ્યા ૨.૦૪ લાખ હતા.

આ બાબતે રાહુલ ગાંધીએ X પર પોસ્ટ કરીને કહ્યું કે તમે જ અમારા યુવાનોના ભવિષ્યને સૌથી વધુ નુકસાન પહોંચાડ્યું છે. તમે એજ્યુકેશન સિસ્ટમને બરબાદ થવા દીધી અને તેના માટે જવાબદાર વ્યક્તિઓને સંરક્ષણ આપ્યું.તેમજ, CJPએ પણ પીએમની પોસ્ટના થોડા સમય પછી X પર વડાપ્રધાનનો ફોટો પોસ્ટ કરીને લખ્યું - વડાપ્રધાનજી રાજીનામું આપો.દિલ્હીના જંતર-મંતર પર ૨૦ જૂનથી કોકરોચ જનતા પાર્ટી NEET પેપર લીક પછી શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહી છે. ૨૧ જુલાઈએ વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિત ઘણા વિપક્ષી નેતાઓ દિલ્હીમાં પીએમ આવાસની બહાર ધરણા પર બેસી ગયા હતા.

## ફાસ્ટ ટ્રેક કોર્ટથી વિદ્યાર્થીઓને ફાયદો




> દેશમાં ફાસ્ટ ટ્રેકનો રેકોર્ડ પણ સારો રહ્યો છે






### પ્રિયંકા સૂત્રોચ્ચાર કરતા NDAના સાંસદો પાસે પહોંચ્યા

# સંસદની બહાર NDA-INDIA ગઠબંધન સામ-સામે

## લોકસભા આવતીકાલ સુધી સ્થગિત



**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સંસદના ચોમાસુ સત્રના ચોથા દિવસે ગુરુવારે સંસદ ભવનની બહાર NDA અને વિપક્ષ સામસામે આવી ગયા. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, સમાજવાદી પાર્ટી પ્રમુખ અખિલેશ યાદવ સહિત વિપક્ષી સાંસદોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા.

વિપક્ષની સામે NDAના સાંસદો પણ વિરોધ પ્રદર્શનમાં ઉતર્યા હતા. આ દરમિયાન બંને પક્ષોએ એકબીજા વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા. NDA સાંસદો ૨૧ જુલાઈએ પીએમ આવાસની બહાર રાહુલના ધરણાનો વિરોધ કરી રહ્યા છે.

જ્યારે ઈન્ડિયા બ્લોક NEET પેપર લીકને લઈને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યું છે. પ્રદર્શન દરમિયાન પ્રિયંકા ગાંધી NDA સાંસદોની બિલકુલ નજીક પહોંચી ગયા. સુરક્ષાકર્મીઓએ વચ્ચે આવીને તેમને રોક્યા. સંસદની અંદર પણ હોબાળો ચાલુ રહ્યો. આને કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. ૨ વાગ્યે લોકસભામાં કાર્યવાહી શરૂ થઈ ત્યારે ભારે હોબાળો શરૂ થઈ ગયો. આના પર ગૃહની કાર્યવાહીઆવતીકાલ સુધી સ્થગિત કરવામાં આવી. જ્યારે રાજ્યસભાની કાર્યવાહી હોબાળાને કારણે ૩ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી.

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધતા કહ્યું- વડાપ્રધાન દેશની દરેક સિદ્ધિ અને મંગળ મિશન સુધીનો શ્રેય લે છે, જે આપણા યુવાનો અને દેશવાસીઓની મહેનતનું પરિણામ છે. હવે તેમની જવાબદારી લેવાનો સમય છે.

### પ્રિયંકાએ કહ્યું- પીએમ મંગળ મિશનનો શ્રેય લે છે તો યુવાનોના ભવિષ્યની જવાબદારી પણ લે

# સરકારે ફરી વાતચીત માટે બોલાવ્યા : CJP




**CJP પ્રવક્તા બોલ્યા- PMનું નિવેદન મલમ જેવું, અમને ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું જોઈએ**

## જેપી નડ્ડાના ઘરને બદલે બીજી જગ્યાએ વાતચીતની શરત

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સામાજિક કાર્યકર અન્ના હજારેએ ગુરુવારે વિદ્યાર્થીઓના પ્રદર્શનના સમર્થનમાં મહારાષ્ટ્રના અહિલ્યાનગરમાં મૌન આંદોલન શરૂ કર્યું છે. તેમણે પીએમ મોદીને પત્ર પણ લખ્યો હતો. તેમનું કહેવું છે કે પીએમ સર્વોચ્ચ નેતા છે, તેથી જનતાના સવાલો તેમના સુધી પહોંચાડવા જરૂરી છે. બીજી તરફ, કોકરોચ જનતા પાર્ટીના પ્રદર્શન વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં શુક્રવારે સુનાવણી થશે. એક જનહિત અરજીમાં અપીલ કરવામાં આવી છે કે પ્રદર્શનકારીઓએ દિલ્હીને બંધક બનાવી દીધું છે. ઘણા રસ્તાઓ બંધ છે અને સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.દિલ્હીના જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટીનું પ્રદર્શન ચાલુ છે. ગુરુવારે સવારથી જ હજારો લોકો ત્યાં એકઠા થયા છે. પાર્ટી પ્રમુખ અભિજીત દીપકે આરોપ લગાવ્યો કે ભાજપ દ્વારા મોકલેલા ગુંડાઓ પ્રદર્શનકારીઓ વચ્ચે આવીને પથ્થરમારો કરી રહ્યા છે. ગુરુવારે રાત્રે જંતર-મંતરથી એક કિમી દૂર પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ થઈ હતી. પોલીસ પર પથ્થરમારા બાદ લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. જેમાં ૨ ACP સહિત ૫ પોલીસકર્મી ઘાયલ થયા હતા. પોલીસે આ મામલે FIR નોંધી લીધી છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને સરકારે સવારે દિલ્હીના ૧૬ મેટ્રો સ્ટેશન બંધ કરી દીધા. જેમાં સુપ્રીમ કોર્ટ મેટ્રો સ્ટેશન પણ સામેલ છે. આ મામલો હવે ચીફ જસ્ટિસ સૂર્યકાંત સમક્ષ પહોંચી ગયો છે. પછી CJIએ કહ્યું કે જરૂર પડ્યે હું દખલ કરીશ.



**સરકારે કહ્યું- કોકરોચ પાર્ટીને ૪ વખત વાતચીત માટે બોલાવ્યા**

**જીતેન્દ્ર સિંહ બોલ્યા- સરકાર કોઈપણ સમયે, દરેક મુદ્દા પર વાતચીત માટે તૈયાર**




**જો રાજીનામું લઈ લેવાય તો વિરોધ પ્રદર્શનની સફળતા પર મ્હોર લાગી જશે**

# ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામુ નહીં આપે?

## ભાજપનો ગેમ પ્લાન?

- વડાપ્રધાનની સુરક્ષામાં ભંગમાં ચૂવા મહિલા, કિસાન મોરચો રેલીઓ કાઢી વિરોધ પ્રદર્શન કરશે ?
- આ વિરોધ નહીં ષડયંત્ર હતુ ભારતને વિરોધીઓ(વિપક્ષ) નેપાળ બનાવવા માંગતા હતા
- સોશિયલ મીડિયા પર PM ના સમર્થનમાં BJPના સ્ટેન્ડને સપોર્ટ કરતા કેમ્પેન ચલાવવામાં આવશે
- વિરોધ પ્રદર્શનમાં સામેલ થયેલા સરાજક તત્વોન કુંડળી ખંગાળીને બધાની સામે રાખવામાં આવશે

**પ્રધાનને દૂર કરાય તો ઓડિશામાં ભાજપમાં ગાબડાના સંકેત**

## રાજીનામું લેવાય તો ઓડિશાનું રાજકારણમાં નવાજૂનીના એંધાણ?

તાજેતરમાં દેશમાં શિક્ષણ ક્ષેત્રે ચાલી રહેલા વિવાદો અને પેપર લીક જેવા ગંભીર મુદ્દાઓ વચ્ચે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ તીવ્ર બની છે. પરંતુ, રાજકીય વિશ્લેષકો અને સીટી ન્યુઝના સચોટ અહેવાલ મુજબ, કેન્દ્ર સરકાર માટે વિદ્યાર્થીઓના ભવિષ્ય કરતા પોતાની 'સત્તા' બચાવવી વધુ મહત્વની બની ગઈ છે. ધર્મેન્દ્ર પ્રધાનને પદ પરથી હટાવવા કે રાજીનામુ અપાવવું એ માત્ર એક મંત્રી બદલવાની વાત નથી, પણ તેનાથી ઓડિશામાં ભાજપ સરકારના અસ્તિત્વ સામે મોટો ખતરો ઉભો થઈ શકે તેમ છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં પહેલીવાર ભાજપે ઓડિશામાં પોતાની સરકાર બનાવી હતી. જોકે, આ ચૂંટણી બાદ ભાજપે સ્થ સ્થાનિક પ્રતિનિધિઓ અને અન્ય નેતાઓને તોડીને પોતાની સ્થિતિ મજબૂત કરી અને વર્ષોથી શાસન કરતી 'બિજુ જનતા દળ'ને સત્તામાંથી બહાર કરી દીધી હતી. ઓડિશામાં ભાજપના આ વિજય અને સત્તા સ્થાપનમાં ધર્મેન્દ્ર પ્રધાનનો મુખ્ય હાથ માનવામાં આવે છે. જો અત્યારે ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામુ લેવામાં આવે, તો ઓડિશા ભાજપમાં મોટું ગાબડું પડી શકે છે અને ભાજપના હાથમાંથી ઓડિશાની સત્તા સરકી જવાનો પૂરો ભય છે. સરકાર વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા કરવાને બદલે કોઈપણ ભોગે પોતાની સત્તા બચાવવા મથામણ કરી રહી છે.

| પાર્ટી | જીતેલી સીટ | વોટશેર (%) |
|---|---|---|
| BJP (ભારતીય જનતા પાર્ટી) | ૭૮ | ૪૦.૦૭% |
| BJD (બિજુ જનતા દળ) | ૫૧ | ૪૦.૨૨% |
| INC (કોંગ્રેસ) | ૧૪ | ૧૩.૨૬% |
| CPI (કમ્યુનિસ્ટ પાર્ટી) | ૦૧ | ૦૦.૩૭% |
| IND (અપક્ષ) | 03 | 03.3૯% |
| કુલ | ૧૪૭ | ૧૦૦% |

**BJP કરતા BJDનો વોટ શેર વધારે છે અને અનેક રાજકીય પંડિતો અલગ-અલગ ગણિત માંડી રહ્યા છે**

આંદોલનની આડમાં જ દેશમાં નવો ઈતિહાસ લખાતો જાય છે

# વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ સમર્થનમાં બોલિવુડ



આવું વર્તન ન થવું જોઈએ : અનુપમ ખેર




વિદ્યાર્થીઓનું ભવિષ્ય દાવ પર લગાવી રહ્યા છે : રત્ના પાઠક




વાતચીતથી નીકળશે સમાધાન : રાજકુમાર રાવ



શિક્ષણ આપણા દેશનું ભવિષ્ય નક્કી કરે છે : આર. માધવન





## લાંબા મૌન બાદ સલમાને વિરોધ પ્રદર્શનને સમર્થન આપ્યું, આંદોલન હિંસક બનવું ખુબજ દુઃખદ બાબત






શબાના આઝમી અને પ્રકાશ રાજ વિરોધ પ્રદર્શનના ટ્રકમાં બેઠા




## આલિયા ભટ્ટે ભાવૂક પોસ્ટ શેર કરી વિદ્યાર્થી આવનારી પેઢીઓ માટે એક સારો રસ્તો પણ તૈયાર કરી રહી છે

સિટી ન્યૂઝ@મુંબઈ

દિલ્હીના જંતર-મંતર પર NEET પેપર લીકના વિરોધમાં પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ બાદ બોલિવૂડની ઘણી હસ્તીઓએ પોતાની પ્રતિક્રિયા આપી છે. અનુપમ ખેર, રત્ના પાઠક શાહ, સીમા પાહવા અને રાજકુમાર રાવે સોશિયલ મીડિયા દ્વારા વિદ્યાર્થીઓની માંગણીઓને સમર્થન આપ્યું છે. એક્ટર અનુપમ ખેરે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને સૌથી નિષ્પક્ષ અને પ્રામાણિક ગણાવ્યું, સાથે જ તેમને બાહ્ય રાજકીય પક્ષોના એજન્ડાથી સાવચેત રહેવાની સલાહ આપી. જ્યારે, રત્ના પાઠક શાહે વર્તમાન પરિસ્થિતિની તુલના પૌરાણિક કથાના દ્રોણાચાર્ય સાથે કરી અને સીમા પાહવાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના મોટા કલાકારોની મૌન પર સવાલ ઉઠાવ્યા. એક્ટર અનુપમ ખેરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો શેર કરીને જંતર-મંતર પર સોમવારે થયેલા લાઠીચાર્જ પર દુખ વ્યક્ત કર્યું. વિદ્યાર્થીઓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા અને શૈક્ષણિક સુધારાની માંગ કરી રહ્યા છે.




આયેશા ખાનની ધરણા દરમિયાન પોલીસ સાથે ઝપાઝપી



હૂમા કૂરેશી જંતર-મંતર અડધી રાત્રે પહોંચી



### આદિત્ય ગઢવીએ કહ્યું, આંદોલનકારીઓને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરવાને બદલે કાયમી ઉકેલ શોધવાની શિખામણ આપી હતી

# આદિત્ય ગઢવીને 'ગરબા' રમાડતા નેતાઓ !

### જ્ઞાન આપવા ગયેલા આદિત્ય ગઢવીને નેતાઓએ લીધા આડેહાથ; NEET મુદ્દે ગોપાલ ઈટાલિયા અને જેની ઠુંમરના આકરા પ્રહારો

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

દિલ્હીમાં ચાલી રહેલા NEET પેપર લીક અને વિદ્યાર્થીઓના આંદોલન મુદ્દે ગુજરાતના પ્રખ્યાત લોકગાયક આદિત્યદાન ગઢવીએ સોશિયલ મીડિયામાં એક નિવેદન આપીને નવો વિવાદ છેડી દીધો છે. આદિત્ય ગઢવીએ આંદોલનકારીઓને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કરવાને બદલે 'કાયમી ઉકેલ' શોધવાની જે શિખામણ આપી હતી, તે રાજકીય નેતાઓને જરાય પસંદ આવી નથી. આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઇટાલિયા અને કોંગ્રેસના નેતા જેની ઠુમ્મરે આદિત્ય ગઢવીના આ નિવેદનને સખત શબ્દોમાં ધુત્કારી કાઢ્યું છે. ઉલ્લેખનીય છે કે, આદિત્ય ગઢવીએ પોતાના વીડિયોમાં પ્રશ્ન ઉઠાવ્યો હતો કે માત્ર મંત્રીના રાજીનામાથી શું ભવિષ્યમાં પેપર લીક થતા અટકી જશે? તેમણે સિસ્ટમ સુધારવા નિષ્ણાતોની કમિટી બનાવવાની વાત કરી હતી. પરંતુ, લાઠીચાર્જનો ભોગ બની રહેલા વિદ્યાર્થીઓના સંઘર્ષ સમયે કલાકારની આ 'આદર્શવાદી' સલાહ વિપક્ષી નેતાઓને પચાવી શકાઈ નથી અને તેમણે કલાકારને જમીની વાસ્તવિકતાનું ભાન કરાવવાનો પ્રયાસ કર્યો છે.બીજી તરફ, કોંગ્રેસના નેતા જેની ઠુમ્મરે પણ આદિત્ય ગઢવીને સીધા ટેગ કરીને આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કલાકારના વ્યવસાય પર જ નિશાન સાધતા વેધક સવાલ કર્યો કે, "તમે ગરબામાં નહીં ગાઓ કે પરફોર્મ કરો તો શું નવરાત્રિ નહીં થાય?" જેની ઠુમ્મરે તેમને સ્પષ્ટ શબ્દોમાં સુણાવી દીધું કે જો તેઓ ગાવાનું બંધ કરીને ઘરે બેસી જશે, તો તેમને આપોઆપ સમજાઈ જશે કે બેરોજગાર યુવાનો કેમ વિરોધ કરી રહ્યા છે અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું કેમ જરૂરી છે.આમ, પેપર લીક જેવી અત્યંત સંવેદનશીલ અને યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલી બાબતમાં આદિત્ય ગઢવીની શિખામણ તેમને જ ભારે પડી ગઈ છે. ગોપાલ ઇટાલિયા અને જેની ઠુમ્મર જેવા નેતાઓના આકરા વળતા પ્રહારથી સ્પષ્ટ થાય છે કે, સુરક્ષિત સ્થાને બેસીને આદર્શવાદી વાતો કરવી અલગ છે અને રસ્તા પર ઉતરીને પોતાના હક માટે લાઠીઓ ખાવી અલગ છે.

## હાડનો પ્રવાસી ગોતી લોઃ ઈટાલિયાનો કટાક્ષ



આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલિયાએ આદિત્ય ગઢવી પર સીધો શાબ્દિક હુમલો કરતા તેમના જ પ્રખ્યાત ગીતનો સહારો લીધો હતો. ઇટાલિયાએ કટાક્ષમાં કહ્યું કે, "એવો હાડનો પ્રવાસી કોણ છે, તેને ગોતી લ્યો." તેમણે ગઢવીના 'સોલ્યુશન શું?' વાળા સવાલનો જડબાતોડ જવાબ આપતા જણાવ્યું કે યુવાનો દિલ્હીમાં દેશની ડૂબતી લોકશાહી અને શિક્ષણ વ્યવસ્થાને બચાવવા ભેગા થયા છે. રાજીનામાથી કદાચ પેપર લીક ન અટકે, પણ નિષ્ફળતાની જવાબદારી તો નક્કી થાય જ! ઇટાલિયાએ આદિત્ય ગઢવીને આડેહાથ લેતા યુવાનોના આંદોલનને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું.

## તમે નહીં ગાઓ તો શું નવરાત્રિ નહીં થાય : જેની ઠુમ્મરનો વેધક સવાલ



કોંગ્રેસના નેતા જેની ઠુમ્મરે પણ આદિત્ય ગઢવીને સીધા ટેગ કરીને આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કલાકારના વ્યવસાય પર જ નિશાન સાધતા વેધક સવાલ કર્યો કે, "તમે ગરબામાં નહીં ગાઓ કે પરફોર્મ કરો તો શું નવરાત્રિ નહીં થાય?" જેની ઠુમ્મરે તેમને સ્પષ્ટ શબ્દોમાં સુણાવી દીધું કે જો તેઓ ગાવાનું બંધ કરીને ઘરે બેસી જશે, તો તેમને આપોઆપ સમજાઈ જશે કે બેરોજગાર યુવાનો કેમ વિરોધ કરી રહ્યા છે અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું કેમ જરૂરી છે.

### પ્રવિણ રામે કહ્યું : ગુજરાતે સૌથી વધારે પેપર લીકની પીડા વેઠી છે

# ગુજરાતમાં શનિવારથી 'આપ' કરશે વિદ્યાર્થીઓના હિતમાં ધરણા

## 25મી તારીખે ગાંધીનગર પહોંચતા પ્રવિણ રામની યુવાનોને અપીલ






**સિટી ન્યૂઝ@અમદાવાદ**

આમ આદમી પાર્ટી પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે જણાવ્યું હતું કે, સમગ્ર દેશના યુવાનોએ પેપર લીકની ઘટનાઓ સામે અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે જંતર-મંતર પર જે આંદોલન શરૂ કર્યું છે, તેનાથી સરકારને કડક સંદેશ મળ્યો છે. આંદોલન દરમિયાન દિલ્હીમાં પોલીસ અને ગુંડાઓ દ્વારા યુવાનો અને દીકરીઓ પર અમાનુષી લાઠીચાર્જ કરવામાં આવ્યો, અનેક લોકોના માથા ફૂટ્યા, છતાં દેશનો યુવાન પોતાની માંગ પર અડગ રહ્યો તે ખૂબ અભિનંદનને પાત્ર છે. દેશભરમાં પેપર લીકનો સૌથી મોટો રેકોર્ડ જો કોઈ રાજ્યમાં બન્યો હોય તો તે ગુજરાત છે.

અહી ભાગ્યે જ કોઈ એવી પરીક્ષા હશે જેનું પેપર લીક ન થયું હોય કે જેમાં કૌભાંડ ન થયું હોય.

પ્રવિણ રામે વધુમાં જણાવ્યું હતું કે, દિલ્હી ખાતે ચાલી રહેલી જંતર-મંતરની લડાઈને મજબૂત કરવા અને સમર્થન આપવા માટે હવે ગુજરાતના યુવાનોએ પણ બહાર નીકળવું પડશે.

પ્રવીણ રામે યુવાનોને અપીલ કરતા કહ્યું કે, આજે ૨૩મી તારીખે તમામ કોલેજના વિદ્યાર્થીઓ કાળી પટ્ટી પહેરીને વિરોધ દર્શાવે અને આંદોલનનું સમર્થન કરે. આ ઉપરાંત, આવનારી ૨૫મી જુલાઈના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પ્રતીક ધરણાં યોજાવાના છે. સૌથી વધુ પીડા ગુજરાતના યુવાનોએ સહન કરી હોવાથી, પોતાની રોજગારી અને ભવિષ્યની સુરક્ષા માટે 'ચાલો ગાંધીનગર'ના નારા સાથે તમામ યુવાનો ૨૫મીએ ગાંધીનગર પહોંચે.

**"દિલ્હીની આગ ચીંગારી હવે ગુજરાતમાં: આપ"**




### જંતર-મંતર પ્રદર્શન વચ્ચે ટેક્નિકલ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના

# ઉત્તરાખંડમાં બે પેપર લીક

## વોટ્સએપ પર પેપર વાયરલ કરનાર પ્રોફેસર સસ્પેન્ડ


**દેશના યુવાનો શિક્ષણ સિસ્ટમ માટે લડત લડી રહ્યા છે ત્યારે જ પેપર લીકથી યુવાનોનો ગૂસ્સો સાતમા આસમાને**

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દેશભરમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો અને પેપર લીક મુદ્દે ચાલી રહેલા ભારે હોબાળા વચ્ચે ઉત્તરાખંડમાંથી એક વધુ ચોંકાવનારી ઘટના સામે આવી છે. રાજધાની દેહરાદૂન સ્થિત વીર માધો સિંહ ભંડારી ઉત્તરાખંડ ટેકનિકલ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના બે પેપર કથિત રીતે લીક થઈ ગયા છે, જેને પગલે યુનિવર્સિટી તંત્ર દ્વારા બંને વિષયોની પરીક્ષાઓ તાત્કાલિક ધોરણે રદ કરવામાં આવી છે. આ ગંભીર પ્રકરણ સામે આવતા શૈક્ષણિક જગતમાં હલચલ મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિવાલિક કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અને પેપર સેટર તરીકે પ્રશ્નપત્રો તૈયાર કરતા આશિષ કુમાર નામના શિક્ષક પર આ ગંભીર આરોપ લાગ્યો છે. આ પ્રોફેસરે કોલેજના જ વ્હોટ્સએપ ગ્રુપમાં વિદ્યાર્થીઓને આગામી પરીક્ષાના સમાન પ્રશ્નો મોકલી આપ્યા હતા. આ મામલો સપાટી પર આવતા જ યુનિવર્સિટી વહીવટીતંત્ર હરકતમાં આવ્યું હતું અને તાત્કાલિક ધોરણે બંને પેપર રદ કરવાનો નિર્ણય લીધો હતો.

યુનિવર્સિટીના કુલપતિ તૃપ્તા ઠાકુરે આ સમગ્ર ઘટના અંગે ખુલાસો કરતા અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે આ શિક્ષકે પોતાના જ ૨૨ વિદ્યાર્થીઓના ભ વિ ષ્ય સાથે ગંભીરતાપૂર્વક ચેડાં કર્યા છે. કુલપતિએ જાહેરાત કરી છે કે યુનિવર્સિટી તંત્રએ તે દોષિત શિક્ષકને આગામી સાત વર્ષ સુધી યુનિવર્સિટીની કોઈપણ પ્રકારની પરીક્ષા કે શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકીને સસ્પેન્ડ કરી દીધા છે. આ સાથે જ, જે કોલેજમાં આ શિક્ષક કામ કરે છે તે સંસ્થાએ પણ તેની સામે સત્તાવાર રીતે કેસ દાખલ કરવો જોઈએ તેવી કાનૂની માંગ કરવામાં આવી છે. યુનિવર્સિટીનું માનવું છે કે માત્ર સસ્પેન્શન પૂરતું નથી, પરંતુ આવા બેજવાબદાર કૃત્ય કરનાર શિક્ષકો સામે દાખલારૂપ કડક પગલાં લેવા અનિવાર્ય છે.



તપાસ દરમિયાન એ પણ બહાર આવ્યું કે જે પેપર લીક થયું હતું તે સંબંધિત કોલેજનું જ હતું, અને પ્રાથમિક તપાસમાં અનિયમિતતાઓ જણાતા અન્ય પેપર પણ રદ કરવામાં આવ્યા છે. યુનિવર્સિટી દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે રદ કરાયેલી આ પરીક્ષાઓ હવે આગામી ઓગસ્ટ મહિનામાં ફરીથી લેવામાં આવશે, જેની નવી તારીખો ટૂંક સમયમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે. આ ઘટનાએ ફરી એકવાર શૈક્ષણિક સંસ્થાઓમાં પારદર્શિતા અને સુરક્ષા સામે મોટા સવાલો ખડા કર્યા છે.




## શું ભારતની શિક્ષણ વ્યવસ્થા ગુણવત્તાવાળી નથી !

# નેતાઓના સંતાનોએ વિદેશમાં અભ્યાસ કર્યો!

**ભારતમાં શિક્ષણ સિસ્ટમ ફેલ છે એટલે જ તો નેતાઓના ભૂલકાઓને વિદેશમાં અભ્યાસ માટે મોકલે છે**

## ખુદ દેશના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની પુત્રી નૈમિષા પ્રધાને વિદેશની યુનિવર્સિટીમાં અભ્યાસ અર્થે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

શું ભારતની શિક્ષણ વ્યવસ્થા ગુણવત્તાવાળી નથી? શું ભારતમાં એજ્યુકેશન સિસ્ટમ ખરેખર ફેઈલ થઈ ગઈ છે? આ સવાલો એટલા માટે ઊભા થઈ રહ્યા છે કારણ કે દેશના નીતિ-નિયમો ઘડનારા નેતાઓને જ દેશની શિક્ષણ વ્યવસ્થા પર ભરોસો ન હોય તેવું લાગી રહ્યું છે. દેશના સામાન્ય નાગરિકોના બાળકો સરકારી અને પ્રાઈવેટ સ્કૂલો કે યુનિવર્સિટીમાં ભણીને બેરોજગારીનો સામનો કરી રહ્યા છે, ત્યારે દેશના દિગ્ગજ નેતાઓના સંતાનો ઉચ્ચ અભ્યાસ માટે વિદેશની નામાંકિત યુનિવર્સિટીઓમાં ગયા હોવાની વિગતો સામે આવી છે.તાજેતરમાં દેશમાં NEET જેવી પરીક્ષાઓના પેપર લીક અને શિક્ષણ વ્યવસ્થાની ખામીઓ પર સવાલો ઊઠી રહ્યા છે. આ બધા વચ્ચે ખુદ દેશના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની પુત્રી નૈમિષા પ્રધાને વિદેશની યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણની પુત્રી પારકલા વાંગમયીએ લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ અને યુએસની નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીમાંથી અભ્યાસ પૂર્ણ કર્યો છે.

## સત્તાધારી પક્ષ હોય કે વિપક્ષ, બધાની પસંદ વિદેશ

| | | | | |
|---|---|---|---|---|
| ધર્મેન્દ્ર પ્રધાન | શિક્ષણ મંત્રી | નૈમિષા પ્રધાન (પુત્રી) | વિદેશ (દેશનો ઉલ્લેખ નથી) | વિદેશની યુનિવર્સિટી (નામ નથી) |
| એસ. જયશંકર | વિદેશ મંત્રી | ધ્રુવા અને અર્જુન (પુત્રો) | યુ.એસ. (U.S.) | જયોર્જ ટાઉન યુનિવર્સિટી |
| અશ્વિનિ વૈષ્ણવ | રેલવે મંત્રી | પુત્ર (નામનો ઉલ્લેખ નથી) | વિદેશ | વિદેશની યુનિવર્સિટી (નામ નથી) |
| અમિત શાહ | કેન્દ્રીય ગૃહ પ્રધાન | પુત્ર (નામનો ઉલ્લેખ નથી) | ભારત (અમદાવાદ,ગુજરાત) | બી.ટેકનું શિક્ષણ |
| નિર્મલા સિતારમણ | નાણાપ્રધાન | પારકલા વાંગમયી (પુત્રી) | લંડન / યુ.એસ. | લંડન સ્કુલ ઓફ ઈકોનોમિકસ, નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટી |
| પિયુષ ગોયલ | કોમર્સ પ્રધાન | ધ્રુવ (પુત્ર) અને રાધિકા (પુત્રી) | યુ.કે. | હાર્વર્ડ અને ઓકસફર્ડ યુનિ. |
| રાજનાથ સિંહ | સંરક્ષણ મંત્રી | નિરજસિંહ (પુત્ર) | યુ.કે. | લીડસ યુનિવર્સિટી |
| જ્યોતિરાદિત્ય સિંધિયા | એવિએશન મિનિસ્ટર | મહાર્યમાન (પુત્ર) અને અનન્યા (પુત્રી) | ઉલ્લેખ નથી | યેલ યુનિ. અને રહોડ ઈન્સ્ટિટયુટ ઓફ ડિઝાઈન |
| શિવરાજસિંહ ચૌહાણ | કેન્દ્રીય પ્રધાન | કાર્તિકેય અને કુણાલ (પુત્રો) | યુ.એસ.એ. (USA) | યુનિ. ઓફ પેન્સેલવેનિયા અને ન્યુયોર્ક યુનિ. |
| જે.પી. નડ્ડા | આરોગ્ય મંત્રી | હરિશ (પુત્ર) | લંડન | યુનિવર્સિટી ઓફ લંડન |
| જગદીપ ધનખડ | પૂર્વ ઉપરાષ્ટ્રપતિ | કામના ધનખડ (પુત્રી) | યુ.એસ. | વોટસન યુનિ. |
| પ્રિયંકા ગાંધી વાડ્રા | વિપક્ષી નેતા | રેહાન અને મિરાયા | લંડન / સ્કોટલેન્ડ | |

## ભાજપ-કોંગ્રેસ બંને પક્ષના દિગ્ગજ નેતાઓના સંતાનોએ મેળવ્યું વિદેશી શિક્ષણ

**માત્ર સત્તાધારી પક્ષ જ નહીં પરંતુ વિપક્ષના નેતાઓ પણ આ બાબતે પાછળ નથી. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાના બંને સંતાનો રેહાન અને મિરાયા લંડન અને સ્કોટલેન્ડમાં અભ્યાસ અર્થે ગયા હોવાનું સામે આવ્યું છે. કેન્દ્રીય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણના પુત્રો યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયા અને ન્યૂયોર્ક યુનિવર્સિટીમાં ગયા છે. એવિએશન મિનિસ્ટર જ્યોતિરાદિત્ય સિંધિયાના સંતાનોએ યેલ અને રહોડ ઈન્સ્ટિટ્યૂટમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે.**

# સરકાર સાથે પત્ર વ્યવહાર!

### કેન્દ્ર સરકારને પત્ર લખી કહ્યું

## વાંગચૂકે ભૂખ હડતાળ તોડવા મૂકી 3 શરતો!



### શું છે શરત

- વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી ન કરવાની માંગ
- સંસદમાં જવાબદારી નક્કી કરવા માંગ
- પીડિત પરિવારોને વળતર, સરકારની ખાતરીની રાહ

સોનમ વાંગચુકનો કેન્દ્ર સરકારને પત્રવિદ્યાર્થી આંદોલન અને તેના અનુસંધાનમાં સર્જાયેલા વિવાદ વચ્ચે સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે કેન્દ્ર સરકારને પત્ર લખીને પોતાની ભૂખ હડતાળ સમાપ્ત કરવા માટેની શરતો રજૂ કરી છે. તેમણે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ અને કેન્દ્રીય આરોગ્યમંત્રી જે.પી. નડ્ડાને પત્ર લખ્યો છે. વાંગચુકે જણાવ્યું છે કે તેઓ પોતાના વિદ્યાર્થીઓ, શિક્ષણ ક્ષેત્રે ચાલી રહેલા કામ અને પોતાના સામાજિક કાર્યો તરફ પરત ફરવા માંગે છે પરંતુ આંદોલન સાથે જોડાયેલા યુવાનોના હિત સાથે સમાધાન કરીને નહીં.

સોનમ વાંગચુકે સરકાર પાસે સૌથી મહત્વની માગ એ કરી છે કે આંદોલનમાં ભાગ લેનારા કોઈપણ યુવા પ્રદર્શનકારી સામે દંડાત્મક અથવા બદલો લેવાની કાર્યવાહી ન કરવામાં આવે. તેમણે શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ સામે નોંધાયેલા કેસ પાછા ખેંચવાની પણ અપીલ કરી છે. વાંગચુકે પોતાના પત્રમાં જણાવ્યું કે વિદ્યાર્થીઓનો એકમાત્ર 'ગુનો' એ છે કે તેમણે ન્યાયી અને જવાબદાર શિક્ષણ વ્યવસ્થાની માગણી માટે પોતાનો અવાજ ઉઠાવ્યો છે. તેમણે સરકારને લોકશાહી મૂલ્યો અને યુવાનોના અધિકારોને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ નિર્ણય લેવા અપીલ કરી છે.

વાંગચુકે શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા ગંભીર મુદ્દાઓ પર સંસદમાં અર્થપૂર્ણ ચર્ચા કરવાની માગ કરી છે. ખાસ કરીને પરીક્ષા પેપર લીક અને તેના કારણે સર્જાયેલી સમસ્યાઓ અંગે સંસદીય ચર્ચા થાય તેવી તેમની માંગ છે. તેમણે જવાબદારી નક્કી કરવા માટે શિક્ષણ મંત્રીના રાજીનામા પર પણ વિચારણા કરવાની માગ કરી છે. વાંગચુકે જણાવ્યું કે લોકશાહીમાં મહત્વપૂર્ણ મુદ્દાઓ પર જવાબદારી નક્કી કરવી જરૂરી છે અને આ મુદ્દાઓને માત્ર વિરોધ પ્રદર્શન પૂરતા મર્યાદિત ન રાખવા જોઈએ.

સોનમ વાંગચુકે પરીક્ષા પેપર લીક સાથે જોડાયેલા આત્મહત્યાના કેસોમાં પીડિત પરિવારોને યોગ્ય અને પૂરતું વળતર આપવાની પણ માગ કરી છે. તેમણે જણાવ્યું કે સરકાર તરફથી અગાઉ ચર્ચા દરમિયાન માંગણીઓ પર વિચાર કરવાનો વિશ્વાસ આપવામાં આવ્યો હતો. હવે તેઓ આ વિશ્વાસને લેખિત અથવા સ્પષ્ટ સરકારી ખાતરીના રૂપમાં જોવા માંગે છે. વાંગચુકે સ્પષ્ટ કર્યું છે કે સરકાર તરફથી નક્કર અને સકારાત્મક ખાતરી મળ્યા બાદ જ તેઓ પોતાની ભૂખ હડતાળનો અંત લાવશે. હવે સરકાર આ માગણીઓ પર શું નિર્ણય લે છે, તેના પર વિદ્યાર્થીઓ અને દેશભરના લોકોની નજર છે.



### હઝારેનો PMને પત્ર

## ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવાથી સરકાર નબળી નહીં થાય

**રાજીનામુ લેવાથી સરકાર સત્તા ગુમાવતી નથી, પરંતુ અન્ય પ્રધાનોમાં જવાબદારીનો એક મજબૂત સંદેશ જાય છે**



સામાજિક કાર્યકર્તા અણણા હઝારેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને નૅશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ-અન્ડરગ્રેજ્યુએટ (NEET-UG)માં થયેલા ગોટાળા અને શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલા પોલીસ બળપ્રયોગ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની વધી રહેલી માગ વચ્ચે અણણા હઝારેએ પત્રમાં લખ્યું હતું કે 'કોઈ પણ પ્રધાનનું રાજીનામું લેવાથી સરકાર સત્તા ગુમાવતી નથી, પરંતુ એનાથી અન્ય પ્રધાનોમાં જવાબદારીનો એક મજબૂત સંદેશ જાય છે.

૨૦૨૪ અને ૨૦૨૬માં NEET પેપર-લીકના આરોપો તથા વિદ્યાર્થીઓની આત્મહત્યા પર દુખ વ્યક્ત કરતાં તેમણે ઉમેર્યું હતું કે માત્ર નીચલા સ્તરના અધિકારીઓ પર દોષનો ટોપલો ઢોળવાને બદલે સરકારે પોતાની જવાબદારી સ્વીકારવી જોઈએ.

## સંસદમાં દર મિનિટે 2.5 લાખ દર કલાકે 1.5 કરોડ એક દિવસમાં 9 કરોડનો ખર્ચ થાય છે

# સંસદ સ્થગિત, 36 કરોડ સ્વાહા...!



**સંસદનું સંચાલન માત્ર સંસદોની હાજરી સુધી મર્યાદિત નથી તેની માટે સુરક્ષા, સચિવાલય, અનુવાદ, રિપોર્ટિંગ, ટેક્નિકલ સેવાઓ, પ્રસારણ, કર્મચારીઓ અને વહીવટી વ્યવસ્થાઓ પર દરરોજ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે**

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

લોકસભા અને રાજ્યસભામાં ચર્ચાની જગ્યાએ હંગામો, પ્રશ્નોની જગ્યાએ નારેબાજી અને કાયદા બનાવવાની પ્રક્રિયાની જગ્યાએ વારંવાર સ્થગન. સંસદના મોન્સુન સત્રના પ્રથમ ત્રણ દિવસોની સ્થિતિ કંઈક આવી રહી છે. પહેલા બે દિવસ બંને સદનોની કાર્યવાહી સતત અવરોધિત રહી, જ્યારે ત્રીજા દિવસે પણ સદનમાં સામાન્ય કામકાજ થઈ શક્યું નહીં અને કાર્યવાહી આગામી દિવસ સુધી સ્થગિત કરવામાં આવી. સરકાર અને વિપક્ષ પોતાના-પોતાના વલણ પર અડગ છે. વિપક્ષ NEET, વિદ્યાર્થી આંદોલન, શિક્ષણ મંત્રીના રાજીનામા અને અન્ય મુદ્દાઓ પર ચર્ચાની માગ પર અડગ છે, જ્યારે સરકારનું કહેવું છે કે તે ચર્ચા માટે તૈયાર છે. પરંતુ આ રાજકીય ટકરાવ વચ્ચે એક પ્રશ્ન સતત ઊભો થાય છે-જ્યારે સંસદ નથી ચાલતી, ત્યારે તેની કિંમત કોણ ચૂકવે છે?

આ પ્રશ્નનો જવાબ સીધો દેશના કરોડો કરદાતાઓ સાથે જોડાયેલો છે. સંસદનું સંચાલન માત્ર સાંસદોની હાજરી સુધી મર્યાદિત નથી. તેની માટે સુરક્ષા, સચિવાલય, અનુવાદ, રિપોર્ટિંગ, ટેકનિકલ સેવાઓ, પ્રસારણ, કર્મચારીઓ અને વહીવટી વ્યવસ્થાઓ પર દરરોજ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. બજેટ સત્ર, ૨૦૨૬ દરમિયાન લોકસભામાં અધ્યક્ષપદ સંભાળનાર જગદંબિકા પાલે સદનમાં જણાવ્યું હતું કે સંસદની કાર્યવાહી પર દર મિનિટે અંદાજે ૨.૫ લાખ રૂપિયા, દર કલાકે લગભગ ૧.૫ કરોડ રૂપિયા અને એક દિવસે લગભગ નવ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે.આ આધારે જોવામાં આવે તો મોન્સુન સત્રના પ્રથમ ત્રણ દિવસોમાં આશરે ૨૭ કરોડ રૂપિયાની કામગીરીની કિંમત બેસે છે. જોકે, આ ત્રણ દિવસ દરમિયાન પ્રશ્નકાળ, શૂન્યકાળ અને વિધાનકારી કામકાજ સામાન્ય રીતે આગળ વધી શક્યું નથી. આવી સ્થિતિમાં આ ચર્ચા માત્ર રાજકીય મુદ્દો રહી જતી નથી, પરંતુ જાહેર નાણાંના ઉપયોગ, સંસદીય જવાબદારી અને લોકશાહીની કાર્યક્ષમતા અંગે પણ મોટા પ્રશ્નો ઊભા કરે છે.

## ચાર દિવસમાં સંસદમાં શું થયું ?

**પ્રથમ દિવસઃ** વિપક્ષના હંગામાને કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી વારંવાર સ્થગિત થઈ.

**બીજો દિવસઃ** ગતિરોધ યથાવત્ રહ્યો, પ્રશ્નકાળ અને વિધાનકારી કામકાજ પ્રભાવિત થયું.

**ત્રીજો દિવસઃ** શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગને લઈને હંગામો થયો અને સદન સામાન્ય રીતે ચાલી શક્યું નહીં.

**ચોથો દિવસઃ** સંસદની બહાર NDA-INDIA ગઠબંધન સામ-સામેઃ બંને ગૃહની કાર્યવાહી સ્થગિત

## સ્કોટલેન્ડના ગ્લાસગોમાં પ્રારંભ; 10 દિવસ સુધી ચાલતી રમતો

# કોમનવેલ્થ ગેમ્સ શરૂ; 126 ભારતીય ખેલાડીઓ તૈયાર

■ 74 દેશો 3,000થી વધુ ખેલાડીઓ 10 રમતોમાં મેડલ માટે મુકાબલો કરશે : 215 મેડલ ઈવેન્ટ્સમાં કુલ 1168 મેડલ દાવ પર હશે

**સિટી ન્યૂઝ@ગ્લાસગો**


કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬નું આયોજન ૨૩ જુલાઈથી ૨ ઓગસ્ટ સુધી સ્કોટલેન્ડના ગ્લાસગોમાં થશે. આ કોમનવેલ્થ ગેમ્સની ૨૩મી એડિશન છે, જેમાં ૭૪ દેશોના ૩,૦૦૦થી વધુ ખેલાડીઓ ૧૦ રમતોમાં મેડલ માટે મુકાબલો કરશે. ૨૧૫ મેડલ ઈવેન્ટ્સમાં કુલ ૧,૧૬૮ મેડલ દાવ પર હશે.

ભારતના ૧૨૬ ખેલાડીઓ ૮ રમતોમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે. જોકે, આ વખતે શૂટિંગ, કુશ્તી અને બેડમિન્ટન જેવી રમતો કોમનવેલ્થ ગેમ્સનો હિસ્સો નહીં હોય. આ સ્ટોરીમાં જાણો કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ વિશે બધું જ...

કોમનવેલ્થ ગેમ્સ ક્યારે અને કેવી રીતે શરૂ થઈ? કોમનવેલ્થ ગેમ્સની શરૂઆત ૧૯૩૦માં કેનેડાના હેમિલ્ટનમાં થઈ હતી. ત્યારે તેને બ્રિટિશ એમ્પાયર ગેમ્સ કહેવામાં આવતી હતી. પ્રથમ એડિશનમાં બ્રિટિશ સામ્રાજ્ય સાથે જોડાયેલા ૧૧ દેશોના ૪૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તેમાં એથ્લેટિક્સ, બોક્સિંગ, લોન બોલ્સ, રોઈંગ, સ્વિમિંગ અને રેસલિંગ (કુશ્તી) જેવી રમતો સામેલ હતી.

૧૯૩૦થી ૧૯૫૦ સુધી આ ટૂર્નામેન્ટને બ્રિટિશ એમ્પાયર ગેમ્સ કહેવામાં આવી. ૧૯૫૪માં એનું નામ બદલીને બ્રિટિશ એમ્પાયર એન્ડ કોમનવેલ્થ ગેમ્સ કરવામાં આવ્યું. ૧૯૭૦માં તે બ્રિટિશ કોમનવેલ્થ ગેમ્સ બની અને ૧૯૭૮થી તેને કોમનવેલ્થ ગેમ્સના નામે ઓળખવામાં આવે છે. એનું આયોજન સામાન્ય રીતે દર ચાર વર્ષે થાય છે. એનો હેતુ કોમનવેલ્થ દેશોના ખેલાડીઓને મોટા ઈન્ટરનેશનલ મંચ પર કોમ્પિટિશનની તક આપવાનો છે. ભારતે પહેલીવાર ૧૯૩૪ના લંડન ગેમ્સમાં ભાગ લીધો હતો. હોકી, ક્રિકેટ, શૂટિંગ, બેડમિન્ટન અને કુશ્તી જેવી મોટી રમતો ગાયબ ક્રિકેટ, હોકી, બેડમિન્ટન, શૂટિંગ, કુશ્તી, ટેબલ ટેનિસ અને સ્કવોશ જેવી રમતો ગ્લાસગો ૨૦૨૬નો હિસ્સો નથી. આમાંથી શૂટિંગ, કુશ્તી અને બેડમિન્ટન કોમનવેલ્થ ગેમ્સમાં ભારતના સૌથી ભરોસાપાત્ર મેડલ સ્પોર્ટ્સ રહ્યા છે. જોકે, આ વખતે આ ત્રણેય રમતોને સામેલ કરવામાં આવી નથી. ભારતે કોમનવેલ્થ ગેમ્સમાં સૌથી વધુ મેડલ શૂટિંગમાં જ જીત્યા છે. એથ્લેટિક્સમાં કોમનવેલ્થ માઈલની વાપસી થશે. આ ઈવેન્ટ છેલ્લી વાર ૧૯૬૬માં થઈ હતી. એટલે કે લગભગ ૬૦ વર્ષ પછી આની વાપસી થઈ રહી છે.

**ભારતના 126 ખેલાડીઓ 8 રમતોમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે**




NEERAJ CHOPRA
JAVELIN THROW

MIRABAI CHANU
WEIGHTLIFTING

LOVLINA BORGOHAIN
BOXING

GURINDERVIR SINGH
100M SPRINT

### શાપરથી વિરવા જતો મુખ્ય માર્ગ બન્યો 'ખાડારાજ'

# ગામડાઓના રસ્તા 'ડિસ્કો ડાન્સર' !







## ખાડા અને કાદવમાં લોકોની દિન ચર્યા; વાહન ચાલકો ત્રાહિમામ, તંત્ર નિષ્ક્રિય : અકસ્માતનો ખતરો વધ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લાના શાપરથી વિરવાને જોડતો મુખ્ય માર્ગ છેલ્લા ઘણા સમયથી અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. માર્ગ પર ઠેર-ઠેર મસમોટા ખાડાઓ પડી ગયા છે, જેના કારણે રોજેરોજ અહીંથી પસાર થતા વાહનચાલકો અને આસપાસના ગ્રામજનો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. ચોમાસાની શરૂઆત થતા જ આ ખાડાઓમાં પાણી ભરાઈ જવાના કારણે પરિસ્થિતિ વધુ વણસી છે.

આ મુખ્ય માર્ગ પર પડેલા ખાડાઓ એટલા મોટા અને ઊંડા છે કે ટુ-વ્હીલર ચાલકો માટે અહીંથી પસાર થવું જોખમી બની ગયું છે. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે રીક્ષા અને બાઈકચાલકો ખાડાઓ અને કાદવ-કીચડમાંથી જીવના જોખમે પસાર થઈ રહ્યા છે. વાહનોને પણ નુકસાન થવાની ભીતિ રહે છે. વરસાદી પાણી ભરાઈ જવાને કારણે રસ્તા પર ખાડાઓની ઊંડાઈનો અંદાજ લગાવવો મુશ્કેલ બની જાય છે, જેનાથી અકસ્માતનો ખતરો સતત તોળાઈ રહ્યો છે.સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ માર્ગની ખરાબ હાલત અંગે અવારનવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. ઔદ્યોગિક વિસ્તાર હોવાને કારણે અહીં ભારે વાહનોની અવરજવર પણ રહે છે, જેનાથી રસ્તાની સ્થિતિ વધુ ખરાબ થઈ છે. તંત્રની આ ઉદાસીનતાથી લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનો અને વાહનચાલકો માંગ કરી રહ્યા છે કે વહેલામાં વહેલી તકે આ માર્ગનું સમારકામ કરવામાં આવે જેથી તેઓને રોજિંદી હાલાકીમાંથી મુક્તિ મળે.

## બાળકોને એક જપ્પી તેના આત્મવિશ્વાસ, ભાવનાત્મક સુરક્ષા અને માતા-પિતા સાથેના સબંધને મજબૂત બનાવે છે

# ફક્ત 20 સેકન્ડનું 'હગ' સ્ટ્રેસ ગાયબ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

બાળકોને સારી સ્કૂલ, પૌષ્ટિક આહાર અને સારી સુવિધાઓ આપવાનું જેટલું જરૂરી છે એટલું જ જરૂરી છે તેમને પ્રેમનો સ્પર્શ આપવો. બાળકને રોજ એક હગ આપવાની આદત તેના આત્મવિશ્વાસ, ભાવનાત્મક સુરક્ષા અને માતા-પિતા સાથેના સંબંધને વધુ મજબૂત બનાવી શકે છે. આવું તો હવે આપણે જાણીએ જ છીએ. જોકે પ્રેમનું આલિંગન પેરન્ટ્સ માટે પણ જાદુઈ નીવડી શકે છે એ સમજવું જરૂરી છે. અનેક અભ્યાસોમાં કહેવાયું છે કે પ્રિયજનનું ૨૦ સેકન્ડનું હૂંફાળું આલિંગન વ્યક્તિના શરીરમાં ઑક્સિટોસિન નામના પ્રેમના કેમિકલ્સનું ઝરણું પેદા કરે છે અને સ્ટ્રેસને કારણે પેદા થતા કૉર્ટિસૉલ હૉર્મોન્સ છૂમંતર થઈ જાય છે. અલબત્ત, થોડા સમય માટે જ, પરંતુ એ થોડા સમયમાં વ્યક્તિ રિલૅક્સ થઈ જાય છે એની લાંબા ગાળા સુધી અસર રહે છે. હજી થોડા સમય પહેલાં જ બ્રિટિશ રૉયલ ફૅમિલીના ડ્યુક ઑફ સસેક્સ તરીકે જાણીતા પ્રિન્સ હૅરીએ પણ પોતાના જીવનમાં બાળકોની પ્રેમાળ જપ્પીનું કેટલું મહત્ત્વ છે એ વિશે વાત કરેલી. તેમણે કહેલું કે જ્યારે પણ મુશ્કેલ કે થકવી દેનારો દિવસ હોય ત્યારે તેઓ તેમનાં બાળકો પ્રિન્સ આર્ચી અને પ્રિન્સેસ લિલિબેટને એક્સ્ટ્રા, એક્સ્ટ્રા ટાઇટ હગ્સ આપે છે. આ આદત તેમને તેમની



સ્વર્ગસ્થ માતા પ્રિન્સેસ ડાયના પાસેથી મળી હતી. ડાયના હૅરી અને તેમના ભાઈ પ્રિન્સ વિલિયમને પણ આ જ રીતે શક્ય એટલી જોરથી ભેટી લેતાં હતાં. બાળકને ભેટી પડવાથી તેમના શારીરિક અને માનસિક વિકાસ પર કેવી અસર પડે છે? ઘરમાં પ્રેમ અને લાગણી વ્યક્ત કરવાની આ આદત આગામી પેઢીને વધુ સંવેદનશીલ અને મજબૂત કેવી રીતે બનાવે છે? મમ્મી-પપ્પા પોતે જ્યારે સ્ટ્રેસમાં હોય ત્યારે બાળક સાથેનું આ ફિઝિકલ કનેક્શન તેમને માનસિક શાંતિ કેવી રીતે આપે છે? મમ્મી-પપ્પા જ્યારે બાળકને ભેટી પડે છે ત્યારે સ્કિન-ટુ-સ્કિન ટચ મમ્મી-પપ્પા અને બાળક બન્નેને એક સુરક્ષિત વાતાવરણનો અહેસાસ કરાવે છે, કારણ કે ત્વચાનાં રિસેપ્ટર્સ મગજને સિગ્નલ મોકલે છે કે આ એક સેફ સ્પેસ છે. આ સ્પર્શથી શરીરમાંથી એવાં રસાયણો અને હૉર્મોન્સ મુક્ત થાય છે જે બાળકની લાગણીઓને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. મગજમાંથી ઑક્સિટોસિન નામનું હૉર્મોન રિલીઝ થાય છે જે માત્ર લવ હૉર્મોન નથી પરંતુ એ મમ્મી-પપ્પા અને બાળક વચ્ચેના સંબંધને વધુ મજબૂત બનાવે છે, અટૅચમેન્ટ અને વિશ્વાસ વધારે છે તથા બન્નેને એવો અહેસાસ કરાવે છે કે હું તારી સાથે છું. આ ઉપરાંત એ શરીરની પૅરાસિમ્પથેટિક નર્વસ સિસ્ટમને સક્રિય કરે છે જેનાથી કૉર્ટિસોલ એટલે કે સ્ટ્રેસ હૉર્મોન ઘટે છે અને હૃદયના ધબકારા પણ સામાન્ય લય પર આવી જાય છે. આમ આ ટચ કુદરતી રીતે જ એક ઇમોશનલ રેગ્યુલેટર તરીકે કામ કરે છે. જોકે આ બધી સકારાત્મક અસરો ત્યારે જ થાય છે જ્યારે આ સ્પર્શ મમ્મી-પપ્પા કે પ્રેમાળ વ્યક્તિ તરફથી મળતો હોય. જો કોઈ અજાણી વ્યક્તિ બાળકને ગળે લગાવે તો પ્રક્રિયા ઊંધી થઈ જાય છે. બાળક અસુરક્ષિતતા અનુભવે છે, તે તેનાથી દૂર થવાનો પ્રયાસ કરે છે અને જો અજાણી વ્યક્તિ તેને છોડે નહીં તો એમાં સ્ટ્રેસ હૉર્મોન્સ વધી જાય છે તથા બાળકને લાગે છે કે તેની ભાવનાત્મક સીમાઓનું હનન થઈ રહ્યું છે.

## ગુજરાતના વાયરાનો પ્રકોપ 8 બાળકોનાં મોત

# ચાંદીપુરાના શું હોય લક્ષણો, કેમ બચવું

### 15 વર્ષથી ઓછી ઊંમરના બાળકો માટે રેડ એલર્ટ

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

તાજેતરમાં ગુજરાતમાં ચાંદીપુરા વાયરસના વધતા કેસોએ લોકોની ચિંતા વધારી દીધી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૨ કેસોની પુષ્ટિ થઈ છે, જેમાંથી ૮ બાળકોના મોત થયા છે. જ્યારે અન્ય કેટલાક શંકાસ્પદ દર્દીઓના સેમ્પલની તપાસ ચાલી રહી છે. નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ અનુસાર, ભારતમાં ચાંદીપુરા વાયરસનો પ્રકોપ સમયાંતરે આવતો રહ્યો છે. તેના કેસો ખાસ કરીને ચોમાસા દરમિયાન વધે છે, કારણ કે આ ઋતુમાં વાયરસ ફેલાવતા જંતુઓ વધુ સક્રિય થઈ જાય છે. ચાંદીપુરા વાયરસ એક દુર્લભ, પરંતુ અત્યંત ખતરનાક વાયરલ ઈન્ફેક્શન છે. તેની ઓળખ સૌપ્રથમ ૧૯૬૫માં મહારાષ્ટ્રના ચાંદીપુરા ગામમાં થઈ હતી. તેથી તેનું નામ ચાંદીપુરા રાખવામાં આવ્યું. ચાંદીપુરા વાયરસ રેબ્ડોવિરીડી ફેમિલીનો વાયરસ છે. આ વાયરસ મુખ્યત્વે ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ઝપટમાં લે છે.




### ચાંદીપુરા વાયરસથી બચાવ કેવી રીતે કરવો?

- બાળકોને પૂરી બાંયના કપડાં પહેરાવો, જેથી જીવજંતુ કરડવાનું જોખમ ઓછું થાય.
- સૂતી વખતે ઝીણી જાળીવાળી મચ્છરદાની લગાવો.
- ઘરની આસપાસ ઝાડીઓ, કચરો જમા ન થવા દો અને ભેજવાળી જગ્યાઓને સાફ રાખો.
- બાળકોને ઝાડીઓની પાસે, ગંદકીમાં અને જીવજંતુવાળી જગ્યાઓ પર રમવા ન દો.
- ડૉક્ટરની સલાહથી જીવજંતુ ભગાડતી ક્રીમ (ઈન્સેક્ટ રિપેલન્ટ) નો ઉપયોગ કરો.
- તીવ્ર તાવ, ઊલટી, આંચકી કે બેભાન અવસ્થા જેવા લક્ષણો દેખાય તો તરત હોસ્પિટલ જાઓ.

# ચોમાસામાં બાળકોનું શું ધ્યાન રાખવું ?

## સાત સાવચેતી પરિવારને બીમારીથી દૂર રાખશે

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

વરસાદની ઋતુ બાળકો માટે જેટલી મનોરંજક હોય છે, તેટલું જ ચેપનું જોખમ પણ વધારી દે છે. આ ઋતુમાં હવામાં ભેજ, ઘરમાં સીલન, ફંગસ અને દૂષિત ખોરાક-પાણી બાળકોને ઝડપથી બીમાર કરી શકે છે. તેમજ, ઘરનો ભેજ અને ફંગસ બાળકોમાં એલર્જી અને શ્વાસ સંબંધિત સમસ્યાઓનું જોખમ વધારે છે. સુરક્ષિત ભોજન, સ્વચ્છ પાણી અને સારી સ્વચ્છતાની આદતોથી બાળકોમાં થતા ઘણા ચેપ અટકાવી શકાય છે. આવી સ્થિતિમાં, ચોમાસા દરમિયાન બાળકોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે કેટલીક જરૂરી બાબતોનું ધ્યાન રાખો. ભેજને કારણે સોફ્ટ ટોય્ઝમાં ધૂળ અને ડસ્ટ માઈટ્સ જમા થઈ શકે છે. આનાથી એલર્જી અને અસ્થમાથી પીડિત બાળકોની પરેશાની વધી શકે છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ અમેરિકા અનુસાર, સોફ્ટ ટોયને ગરમ પાણીથી ધોવાથી અને સારી રીતે સૂકવવાથી તેમાં રહેલા લગભગ ૯૦-૯૫% ડસ્ટ માઈટ્સને ઘટાડી શકાય છે. તેથી



બાળકના પલંગ પર ધોઈ શકાય તેવા સોફ્ટ ટોય જ રાખો અને તેમને નિયમિતપણે સાફ કરો. ટૂથબ્રશને ટોઈલેટ કે વોશબેસિન પાસે ન રાખો. બ્રશને ધોઈને સીધું રાખો, જેથી તે સારી રીતે સુકાઈ શકે. ફ્લશ કરતી વખતે ટોઈલેટનું ઢાંકણું બંધ રાખો અને બ્રશ પર કેપ લગાવવાને બદલે તેને ખુલ્લી હવામાં સુકાવા દો. બ્રશ કેપનો ઉપયોગ ફક્ત મુસાફરી દરમિયાન કરો. ચોમાસામાં દીવાલોની ફૂગ અને ભેજ બાળકોમાં ઉધરસ, એલર્જી અને અસ્થમાની સમસ્યા વધારી શકે છે. જો બાળકને શરદી-તાવ વગર વારંવાર રાત્રે ઉધરસ આવતી હોય, તો ઘરમાં ભેજ, ફૂગ અને ACના ફિલ્ટરની તપાસ કરો.

# રાજકોટ મનપા જનરલ બોર્ડમાં સત્તાપક્ષના નગરસેવકોએ જ પોતાના પદાધિકારીઓની પોલ ખોલી

## શહેરમાં 87 સ્થળોએ દર વર્ષે વરસાદી પાણી ભરાતા હોવાનો મનપાનો સ્વીકાર

## ગેરકાયદેસર બાંધકામો, ટી.પી.પ્લોટ પર દબાણો અને પેન્ડિંગ અરજીઓ મુદ્દે સવાલો

### ચૂંટાયેલા નગરસેવકોના સવાલો માત્ર ઔપચારિકતા છે કે નક્કર કામગીરી? જનતામાં રોષ

### કોંગ્રેસ નેતાઓ હેમાંગ વસાવડા અને તુષિત પાણેરીના મનપાના વહીવટ પર આકરા પ્રહાર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની તાજેતરમાં યોજાયેલી જનરલ બોર્ડ બેઠકમાં સત્તારૂઢ ભાજપના કોર્પોરેટરોએ જ શહેરના વિકાસકાર્યો, ગેરકાયદેસર દબાણો, સફાઈ, વરસાદી પાણીના નિકાલ, ટી.પી. પ્લોટ, હોકર્સ ઝોન, રોડ-રસ્તા, આરોગ્ય અને અન્ય પાયાની સુવિધાઓ અંગે મનપા તંત્રને સવાલો કરતા શહેરની વહીવટી કામગીરી ચર્ચાના કેન્દ્રમાં આવી છે. આ મુદ્દે ગુજરાત કોંગ્રેસના ઉપાધ્યક્ષ ડો. હેમાંગ વસાવડા અને પ્રવક્તા તુષિત પાણેરીએ નિવેદન આપી જણાવ્યું છે કે જનરલ બોર્ડમાં સત્તાપક્ષના સભ્યોએ જ પોતાના પદાધિકારીઓ અને તંત્રની કામગીરી સામે પ્રશ્નો ઉઠાવી અનેક ખામીઓ ઉજાગર કરી છે.



ડો.હેમાંગ વસાવડા
ઉપાધ્યક્ષ - ગુજરાત પ્રદેશ કોંગ્રેસ

કોંગ્રેસના જણાવ્યા મુજબ, જનરલ બોર્ડ મા વોર્ડ નં. ૧ ના કોર્પોરેટર જયરાજસિંહ ગજુભા જાડેજા એ શહેર મા ગેરકાયદેસર બાંધકામો સામે શું કાર્યવાહી થઈ , તે અંગે સવાલ ઉઠાવ્યો. મનપાએ કાયદાકીય જોગવાઈઓનો ઉલ્લેખ કર્યો, પરંતુ છેલ્લા પાંચ વર્ષમા કેટલી નોટિસો અપાઈ , કેટલી કાર્યવાહી થઈ અને કેટલા કેસ પેન્ડિંગ છે તેવા ચોક્કસ આંકડા રજૂ કર્યા નહોતા.

વોર્ડ નં. ૩ ના અલ્પાબેન દીપકભાઈ દવે એ રેલવે જંક્શન વિસ્તાર , પોપટપરા નાળા ના વિકાસ અને ત્યાં ભરાતા પાણી અને ડ્રેનેજ ની કામગીરી અંગે પ્રશ્નો પૂછ્યા. મનપા એ કામગીરી ચાલુ હોવાનું જણાવ્યું, પરંતુ અનેક યોજનાઓ હજુ મંજૂરી અને અમલીકરણ ની પ્રતિક્ષા મા હોવાનું સામે આવ્યું છે.

વોર્ડ નં. ૫ ના દિલીપભાઈ હરજીભાઈ લુણાગરિયા એ ટી.પી. પ્લોટોના વિકાસ , રોડ પહોળા કરવા માટે ની શું વ્યવસ્થા છે તેમજ મનપાની મિલકતો માથી થતી આવક અંગે જવાબો માંગ્યા . . જેના ઉત્તર મા મનપાએ તબક્કાવાર વિકાસની વાત કરી , પરંતુ સમયમર્યાદા સ્પષ્ટ કરી નહોતી.

વોર્ડ નં. ૬ ના કિરણબેન માંકડીયા એ શહેરની સફાઈ વ્યવસ્થા અંગે પ્રશ્ન ઉઠાવ્યો. જવાબ મા મનપા એ અધિકારીઓ દ્વારા ફિલ્ડ ચેકિંગ થતું હોવાનું જણાવ્યું, પરંતુ વોર્ડ વાઇઝ સર્વે નું કોઈ જ અલગ રજિસ્ટર નથી તે અંતે સ્વીકારવું પડ્યું.

વોર્ડ નં. ૮ ના રાજુભાઈ અઘેરાએ હોકર્સ ઝોન , હોર્ડિંગ એજન્સીઓ અને ટી.પી. પ્લોટ પરના દબાણ અંગે પ્રશ્નો કર્યા. જવાબ મા મનપા એ સ્વીકાર્યું કે શહેરમાં સેકડો સરકારી પ્લોટો પર દબાણ છે જેના પર ક્યારે કાર્યવાહી થશે તે અંગે મૌન સેવ્યું હતું.

વોર્ડ નં. ૧૦ ના કોર્પોરેટર ઘનશ્યામભાઈ હેરભા એ ફૂડ સેફ્ટી અને આરોગ્ય સેવાઓ અંગે માહિતી માંગી , જ્યારે વોર્ડ નંબર ૧૦ ના અન્ય કોર્પોરેટર , બાંધકામ સમિતિ ના ચેરમેન અશ્વિનભાઈ ભોરણીયા એ શહેર ના બગીચાઓ અને નવા વિસ્તારો મા ગાર્ડન વિકાસ અંગે પ્રશ્નો ઉઠાવ્યા.

વોર્ડ નં. ૧૩ ના માધવીબેન નતિનલાલ બદ્રકીયા એ ડેવલપમેન્ટ પ્લાન હેઠળની હજારો પેન્ડિંગ અરજીઓ અને સોલિડ વેસ્ટ અંગે સવાલો પૂછ્યા. જવાબ મા મનપાએ સ્વીકાર્યું કે ૧૧,૫૧૫ અરજીઓમાંથી ૫,૬૯૧ અરજીઓ હજુ પણ પેન્ડિંગ છે જ્યારે ૧,૫૨૦ મનપાના પ્લોટોના સંચાલન અને દબાણનો મુદ્દો પણ ખૂબ ગાજ્યો , આ જ વોર્ડના પૃથ્વીરાજ જાડેજા એ શહેર મા માન્યતા પ્રાપ્ત મટન માર્કેટ અને ગેરકાયદેસર વેચાણ સામેની કાર્યવાહી અંગે સવાલ ઉઠાવ્યો તો મનપાએ જણાવ્યું કે શહેરમાં માત્ર એક જ માન્યતા પ્રાપ્ત મટન માર્કેટ છે અને ૩૨ કેસોમા કાર્યવાહી કરીને ૨૨૩ કિલોગ્રામ માંસનો નાશ કરવામા આવ્યો હતો.



તુષિત પાણેરી
પ્રવકતા - ગુજરાત કોંગ્રેસ (સૌરાષ્ટ્ર કચ્છ ઝોન)

વોર્ડ નં. ૧૫ ના મનીષાબેન પ્રવીણભાઈ રોજાસરા એ પ્રિ-મોન્સૂન કામગીરી , સ્ટ્રીટલાઇટ , પાણી , ફાયર સર્વિસ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અંગે જવાબ માંગ્યા, જ્યારે રસીલાબેન સાકરીયાએ શહેરમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો મુદ્દો ઉઠાવ્યો. મનપાએ સ્વીકાર્યું કે શહેરમાં ૮૭ સ્થળો એવા છે જ્યાં દર વર્ષે વરસાદી પાણી ભરાય છે, જેમાં ૬ સ્થળોને રેડ ઝોન તરીકે ઓળખવામાં આવ્યા છે.

વોર્ડ નં. ૧૫ ના અર્જુનલાલ પેશાભાઈ ચૌહાણ એ જંગલેશ્વર ડિમોલિશન , પ્રિ મોન્સુન કામગીરી અને બાંધકામ વિભાગ ના બિલ અંગે માહિતી માંગી હતી.

વોર્ડ નં. ૧૮ ના ભારતીબેન ચેતનભાઈ પરસાણા એ HC (હાઉસ કનેક્શન) ની કામગીરી માત્ર ઈસ્ટ ઝોનમા જ કેમ થઈ અને અન્ય ઝોન ને કેમ બાકાત રખાયા તે અંગે તંત્રને સવાલ કર્યો. મનપાએ નીતિગત નિર્ણયનો ઉલ્લેખ કર્યો, પરંતુ સમાન સુવિધા અંગે ઉઠેલા પ્રશ્નોનો સ્પષ્ટ જવાબ આપી શક્યું નહી.

ચૂંટાયેલા નગરસેવકો દ્વારા પૂછેલા સવાલો ની માત્ર ઔપચારિકતા ગણવી કે નક્કર કામગીરી ની શરૂઆત તેવો સવાલ રાજકોટ ના પ્રત્યેક નાગરિક ના મન મા ઊઠી રહ્યો છે.

જનરલ બોર્ડ મા કોર્પોરેટરો એ જે મુદ્દાઓ ઉઠાવ્યા તે શહેરના સામાન્ય નાગરિકો ની રોજીંદી સમસ્યાઓ છે. તેમા પણ ગેરકાયદેસર બાંધકામો , હજારો પેન્ડિંગ અરજીઓ, વરસાદી પાણી ભરાતા ૮૭ સ્થળો , ટી.પી. પ્લોટો પરના દબાણો , ગેરકાયદેસર ધમધમતી મટન માર્કેટ , હોકર્સ ઝોન અને વિવિધ વિકાસકાર્યો અંગે ઉઠેલા સવાલો દર્શાવે છે કે રાજકોટ મા સમસ્યાઓ નો પાર નથી પણ સૌથી મોટો પ્રશ્ન એ છે કે જનરલ બોર્ડ મા રજૂ થયેલા આ જવાબો માત્ર કાગળ પૂરતા જ સીમિત રાખવાને બદલે મનપા તંત્ર ખરેખર સમયબદ્ધ રીતે કામગીરી કરી જનતા ના પ્રશ્નો નો કાયમી ઉકેલ લાવે.


# તમે જેલમાં એટલે છો કે તમે ખોટું કર્યું અને પકડાઈ ગયા અને અમે બહાર એટલે કે પકડાયા નથીઃ આદેશે કહ્યું

પત્રકારત્વના કલાસનો પહેલો દિવસ હતો. કલાસમાં આવેલા મોટા ભાગના વિદ્યાર્થીઓએ પત્રકાર આદેશને વાંચ્યો હતો. જેના કારણે, જે પત્રકારને આપણે વાંચીએ છીએ તેને રૂબરુ જોવા મળે એનું કૌતુક પણ હતું. જેલની લાઇબ્રેરીમાં કલાસરૂમની વ્યવસ્થા હતી. પહેલાં તો આદેશે ત્યાં રહેલા કેદીઓને કહ્યું, “મારે આજે તમારાં નામ જ જાણવા છે. તમે ક્યાંથી આવ્યા છો? શું કામ તમે અંદર છો? તેની સાથે મને કોઈ નિસ્બત નથી.”

આદેશ એકએક કેદીની આંખોમાં જોઇને વાત કરતો હતો. આદેશ પત્રકારત્વનો માણસ ખરો, પણ પુસ્તક કરતાં માણસ વાંચવાનો એને વધારે શોખ. આદેશ જ્યારે વાત કરે, ત્યારે કેદીની આંખોમાં જોઇને જ વાત કરતો હતો કારણ કે તે જાણવા માગતો હતો કે તેની સાથે કોણ કનેક્ટ થઈ રહ્યું છે? ગોપાલ પહેલી બેંચ ઉપર બેઠો હતો. તેની પાછળની બેંચમાં વિરાંગ બેઠો હતો.એક પછી એક કેદી પોતાનાં નામ કહી રહ્યા હતા. આદેશ ક્યારેક કેદીનું નામ યાદ રાખવા માટે ફરીથી તેમનું નામ પૂછતો હતો. ગોપાલનો નંબર આવ્યો, ત્યારે ગોપાલે ઊભા થઇને કહ્યું, “સર, મારું નામ ગોપાલ છે. મને ફેક કરન્સીના કેસમાં દસ વર્ષની સજા થઇ છે.”આદેશના ચહેરા પર સ્મિત આવ્યું. તેણે ગોપાલની આંખોમાં જોઇને પૂછ્યું, “મેં તારા ક્રાઇમ વિશે ક્યાં પૂછ્યું છે? મને તો માત્ર ગોપાલમાં જ રસ છે.”ગોપાલે કહ્યું, “સર, તમારી વાત સાચી છે; પણ મારી પાસે છુપાવવા જેવું કંઈ જ નથી અને હું કંઈ છુપાવવા માગતો પણ નથી.”આદેશને લાગ્યું કે, આ છોકરામાં દમ છે. આદેશના જીવનનો પણ આ એક જુદો જ અનુભવ હતો. તે ક્રાઇમ રિપોર્ટિંગ કરતો હતો ત્યાં સુધી જેલમાં રહેલા કેદીઓ માટે તેની અંદર ધૃણાનો ભાવ હતો. તે માનતો હતો કે, જેલમાં રીઢા ગુનેગારો જ હોય છે; પણ નવજીવન સંસ્થા સાથે કામ કરતાં કરતાં જ્યારે તે પત્રકારત્વ ભણાવવા માટે જેલમાં આવ્યો; ત્યારે તેને લાગ્યું કે, તેનાં મનમાં જેલ માટેની જે છાપ હતી, એના કરતાં અહીંની દુનિયા એકદમ અલગ જ છે.ગોપાલ, નીતિનકાકા, સલીમ, રહીમચાચા અને વિરાંગ જેવા કેદીઓને મળ્યા પછી જીવનનું એક જુદું જ સત્ય આદેશની આંખ સામે આવ્યું. વર્ષો સુધી ક્રાઇમ રિપોર્ટિંગ કર્યા પછી પહેલી વખત આદેશને લાગી રહ્યું હતું કે, જેમને પત્રકાર




આરોપીના કઠેડામાં ઊભા કરીને પત્રકારમાંથી ન્યાયાધીશની ભૂમિકામાં આવી જાય છે; એના કારણે જાણેઅજાણે ઘણાને અન્યાય થયો છે અને અત્યારે પણ થાય છે. જેલમાં અનેક ચહેરાઓ એવા હતા, જેમના માટે આદેશે ખૂબ લખ્યું હતું; પણ તેમને મળ્યા પછી લાગ્યું કે, દરેક વખતે જે દેખાય અને જે સંભાળ્યું હોય, એ જ આખરી સત્ય નથી હોતું. કારણ કે દરેકનું સત્ય પણ અલગ હોય છે.પત્રકારત્વ ભણવાની ગોપાલ અને વિરાંગને મજા પડી રહી હતી. વિરાંગનાં મનમાં પણ જેલમાં કામ કરતી સંસ્થાઓ માટે જે છાપ હતી, તે છાપ નવજીવન સંસ્થાએ ભૂંસી નાખી હતી. વિરાંગ માનવા લાગ્યો હતો કે, ખરેખર નવજીવનને કેદીઓનાં જીવનમાં સારૂ કરવાની ઇચ્છા છે.ગોપાલે પણ પોતાનાં જીવન અને મનને જેલમાં અભ્યાસ અને પ્રવૃત્તિમાં વ્યસ્ત કરી નાખ્યું હતું. ઘરેથી મમ્મી-પપ્પા મુલાકાતમાં આવતાં હતાં, પણ કોઈ એકબીજાં સાથે નિશીની વાત કરતાં નહોતાં. હા, રાકેશ જ્યારે મુલાકાતમાં આવે; ત્યારે ગોપાલ અચૂક તેને નિશીના સમાચાર પૂછતો હતો. દર વખતે રાકેશ, “મને ખબર નથી.” તેમ કહીને નિશીની વાત ટાળી દેતો હતો.ગોપાલ પણ વિચાર કરતો હતો કે, ખરેખર રાકેશ અને નિશી નહીં મળતાં હોય! નિશી વિશે જાણવાનો એક જ સ્ત્રોત હતો. રાકેશ. પણ જેવું નિશીનું નામ આવે, તેની સાથે રાકેશ વાત બદલી નાખતો હતો. એક વખત તો રાકેશે ગુસ્સે થઇને ગોપાલને કહ્યું, “જો હવે મને નિશીનું કંઈ પૂછ્યું તો હું જેલ ઉપર આવીશ નહીં.”એ વાતનું



પ્રશાંત દયાળ

ગોપાલને બહુ માઠું લાગ્યું હતું; પણ રાકેશ ઇચ્છતો હતો કે, ગોપાલ જેમ બને તેમ જલદી નિશીને ભૂલી જાય; પણ ગોપાલ માનતો હતો કે, નિશી કંઈ તેના ઘરનું ફર્નિચર નથી કે ઘરમાંથી ગઈ એટલે મનમાંથી પણ નીકળી જાય. જ્યારે પણ નિશીના વિચાર આવતા ત્યારે ગોપાલ બેચેન થઈ જતો હતો. ગોપાલને ઘણી વખત ઇચ્છા થતી હતી કે, આદેશ સર સાથે આ અંગે વાત કરે. પણ તે આદેશ સર સાથે વાત કરી શક્યો નહીં.આદેશ સર જ્યારે પણ જેલમાં પત્રકારત્વ ભણાવવા આવે, ત્યારે ગોપાલ તેમની સાથે રહેતો હતો. જેલમાં થતાં વિવિધ કાર્યક્રમમાં પણ ગોપાલ કાયમ ભાગ લેતો હતો. ખબર નહીં કેમ, ગોપાલને આદેશ સાથે લગાવ થઈ ગયો હતો. આદેશને મળ્યા પછી ગોપાલ જીવનને અલગ રીતે જોઈ રહ્યો હતો. ગોપાલની જિંદગી તરફની દ્રષ્ટી બદલવામાં અલગ અલગ તબ્બકે અલગ અલગ મિત્રોની ભૂમિકા રહી હતી.સૌથી પહેલા સલીમ, ગોવિંદ, નીતિનકાકા, વિરાંગ અને હવે આદેશ સર. આ બધા જ મિત્રો જાણેઅજાણે ગોપાલની જિંદગીને એક વળાંક આપી રહ્યા હતા. નવજીવન સંસ્થા દ્વારા લેવામાં આવેલી ગાંધી પરીક્ષામાં ગોપાલ બીજા નંબરે આવ્યો હતો. ગોપાલ પણ હવે માનવા લાગ્યો હતો કે, ગાંધી વાંચવાનો નહીં જીવવાનો વિષય છે. પત્રકારત્વ ભણવાની શરૂઆત કરી ત્યાર પછી એને દરેક પ્રશ્નને અલગ રીતે જોવાની આદત થઈ ગઈ હતી; પણ બદલાવ માત્ર ગોપાલમાં જ આવી રહ્યો હતો તેવું નહોતું. આદેશ પણ પોતાની જિંદગીને અલગ રીતે સમજવા લાગ્યો હતો.આદેશને લાગી રહ્યું હતું કે, આપણે આપણી નાનીનાની સમસ્યાને લઈને નાહક ફરિયાદ કરતા રહીએ છીએ. જેલમાં રહેલા લોકોની જિંદગી તો વર્ષોથી થંભી ગઈ છે. એક તબ્બકો એવો હતો કે, આદેશ એવું માનતો કે, મારી સ્ટોરીને કારણે વધુમાં વધુ લોકો જેલમાં જાય. પણ અહીં આવ્યા પછી આદેશનું મન સતત એવું ઇચ્છી રહ્યું હતું કે, જેલમાં રહેલા કેદીઓને કઈ રીતે મદદરૂપ થઈ શકાય? તેમને તેમના પરિવાર પાસે પાછા કેવી રીતે મોકલી શકાય?પત્રકારત્વના અભ્યાસને છ મહિના થવા આવ્યા હતા. આદેશે પહેલાં જ કેદીઓને કહ્યું હતું કે, તમે એટલે જેલમાં છો, કારણ કે તમે પકડાઈ ગયા છો. અને અમે એટલે બહાર છીએ, કારણ કે અમે હજુ પકડ્યા નથી. મૂળ વાત એટલી જ છે કે, ખોટું તો બધા જ કરે છે. પત્રકારત્વ ભણતા કેદીઓને આદેશની સલાહ હતી કે, તેમણે નિયમિત અખબાર વાંચવા. જેલના નિયમ પ્રમાણે જે અખબાર આવે તેમાં જો જેલ સંબંધી કોઈ સમાચાર હોય, તો તેની ઉપર કાળી શાહી લગાવી દેવામાં આવતી હતી. ત્યારબાદ જ અખબાર કેદીઓ સુધી પહોંચતુ હતું. ઘણી વખત બેરેકમાં બે-ત્રણ દિવસ પછી અખબાર પણ વાંચવા મળતું હતું.તે દિવસે બપોરના સમયે અખબાર ગોપાલના હાથમાં આવ્યું. ગોપાલને નાનામાં નાના સમાચાર પણ વાંચવાની ટેવ પણ પડી ગઈ હતી. ગોપાલ એક પછી એક સમાચાર વાંચી રહ્યો હતો. તેણે એક નાનકડા સમાચાર વાંચવાની શરૂઆત કરી. અચાનક તેનું શરીર અને મન જાણે સુન્ન પડવાં લાગ્યાં. સમાચાર નાનકડા જ હતા; પણ ગોપાલ માટે એ સમાચાર તેની જિંદગી કરતાં પણ મોટા હતા. સમાચાર વાંચતાં વાંચતાં ગોપાલના હાથમાંથી અખબાર પડી ગયું. તેની આંખ સામે અંધારું છવાઈ ગયું. તે બાજુની દીવાલનો ટેકો લઈ જમીન પર બેસી ગયો.બેરેકમાં રહેલા એક કેદીનું ધ્યાન તેની તરફ ગયું. તે તરત પાણી લઈ આવ્યો અને ગોપાલને આપ્યું. ગોપાલ તેની સામે અવાક બની જોઈ જ રહ્યો. થોડીવારમાં કેટલાક કેદીઓ ત્યાં ભેગા થઈ ગયા. કોઈને ખબર નહોતી કે, શું થયું છે? એક કેદી વિરાંગને બોલાવવા ગાંધીયાર્ડ તરફ દોડ્યો. કારણ કે ગોપાલ અને વિરાંગની મિત્રતા બેરેકના બધા કેદીઓને ખબર હતી.

(ક્રમશઃ)

# રાજકોટમાં 9.86 લાખના ડ્રગ્સ સાથે કુખ્યાત શખ્સ ઝડપાયો

## મેફેડ્રોન, ચરસ, હાઈબ્રિડ ગાંજાના જથ્થા સાથે નામચીન શખ્સને એસઓજીએ દબોચી લીધો

**માદક પદાર્થમાં વધુ ઓરિસ્સા, અમદાવાદ અને થાનગઢના શખસોના નામ ખુલતા શોધખોળ**
**હત્યાના ગુનામાં 14 વર્ષ જેલવાસ ભોગવ્યો હતો : આંઠ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે**

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં માદક પદાર્થની હેરાફેરી અટકાવવાના પોલીસસના અભીયાન દરમ્યાન એસઓજીની ટીમે જંકશન પ્લોટમાં લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટીમાં પારસ એપાર્ટમેન્ટમાં દરોડો પાડી નામચીન શખસને રૂ.૯.૮૬ લાખની કિંમતના અલગ અલગ માદક પદાર્થના જથ્થા સાથે ઝડપી લઈ તેની પુછતાછ કરતા ઓરિસ્સા,અમદાવાદ અને થાનગઢના શખસોના નામ ખુલતા પોલીસે વધુ ત્રિપુટીને ઝડપી લેવા દોડધામ કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ જંકશન પ્લોટમાં લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટીમાં પારસ એપાર્ટમેન્ટમાં રહેતો નામચીન માદક પદાર્થની હેરાફેરી કરતો હોવાની માહીતીને આધારે પીઆઈ ચૌધરી,પીએસઆઈ જાડેજા સહીતની ટીમે દરોડો પાડી તપાસ કરતા ફ્લેટમાંથી મેફેડ્રોન (એમ.ડી.) ડ્રગ્સ, ચરસ,હાઈબ્રીડ ગાંજો અને સુકા ગાંજાનો જથ્થો મળી આવતા પોલીસે રમેશ ઉર્ફે મુન્નો કેવડામલ ગુલવાણીની અટકાયત કરી તેની સામે ફરીયાદ કરતા પ્રનગર પોલીસ મથકના પીઆઈ મકવાણા સહીતની ટીમે ગુનો નોધી આરોપીની




ધરપકડ કરી તેની પાસેથી રૂ.૫.૭૦ લાખની કિમતનો ૧૯૦.૫૯૦ ગ્રામ ડ્રગ્સ,રૂ.૨૪ હજારની કિંમતનો ૯૮.૦૩ ગ્રામ ચરસ.રૂ.૨.૮૦ લાખની કિંમતનો ૮૦.૧૩૦ ગ્રામ હાઈબ્રીડ ગાંજો,રૂ.૮૬ હજારની કિંમતનો ૧.૭૩૦ કિ.ગ્રા. સુકો ગાંજો બે મોબાઈલ સહીત કુલ રૂ.૯.૮૬ લાખની મતા કબજે કરી વધુ કાર્યવાહી કરી છે.

પોલીસની પુછતાછમાં રમેશ ઉર્ફે મુન્નો ભૂતકાળમાં હત્યાના ગુનામાં ૧૭વર્ષ જેલની સજા ભોગવી ચૂક્યો છે અને છેલ્લા ચાર વર્ષથી જેલ બહાર આવી કોઠારીયા રોડ પરના હુડકો ક્વોટરમાં માતા સાથે રહેતો હતો.તે દરમ્યાન તે માદક પદાર્થનો નશો કરવાની કુટેવ પડી હતી દરમ્યાન અગાઉ જેલવાસ દરમિયાન તેનો પરિચય થાનના ફારૂક નામના શખ્સ સાથે થયો હોય જેથી તે મંગળવારે રાત્રે તે બાઈક લઈને થાન ગયો હતો અને ફારૂકના માણસ ગગુ પાસેથી એમ.ડી. ડ્રગ્સ લાવ્યો હતો અને ચરસ અને સુકો ગાંજો તેને ઓરિસ્સાથી ગોપાલગીરી નામના સાધુ પાસેથી લઈ આવ્યો હતો અને હાઈબ્રીડ ગાંજો તેણે અમદાવાદના પ્રવિણ ઉર્ફે પવો નામના શખ્સ પાસેથી મેળવ્યો હોવાનુ રટણ કરતા પોલીસે તપાસ કરતા આરોપી અગાઉ હત્યાના ગુનામાં સજા થતા ૧૪ વર્ષ જેલમાં રહ્યો હતો અને ચારેક વર્ષથી બહાર આવ્યા બાદ કોઠારીયા રોડ પર હુડકો ક્વાટરમાં માતા અને ભાઈ સાથે રહેતો હતો તે દરમ્યાન ગુનેગારો સાથે બેઠક હોય માદક પદાર્થના નશાની કુટેવ પડી હતી બાદમાં રિક્ષા ચલાવતો હોય છેલ્લા એક વર્ષ થી માદક પદાર્થ લઈ આવી છુટક વેચતો હોવાનુ રટણ કરતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.




# ગોંડલનાં ST બસ સ્ટેશન સામે અમૃત ગેસ્ટ હાઉસમાંથી કૂટણખાનું ઝડપાયું

સિટી ન્યૂઝ@રાજકોટ

ગોંડલના મધ્યસ્થ એસ.ટી. બસ સ્ટેશન સામે આવેલા અમૃત ગેસ્ટ હાઉસમાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓનો રાજકોટ ગ્રામ્ય એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. પોલીસે દરોડા દરમિયાન ગેસ્ટ હાઉસમાંથી કુટણખાનું ચલાવતા સંચાલક સહિત ત્રણ ઇસમોને ઝડપી લીધા છે. રાજકોટ ગ્રામ્ય એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પીએસઆઈ એન. એચ. શુકલ અને તેમની ટીમને બાતમી મળી હતી કે, ગોંડલના અમૃત ગેસ્ટ હાઉસના બીજા માળે કેટલાક શખ્સો પોતાના આર્થિક લાભ માટે બહારથી ગ્રાહકો બોલાવી દેહવ્યાપારનો ધંધો ચલાવી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડી તપાસ હાથ ધરી હતી. જેમાં બહાર આવ્યું હતું કે આરોપીઓ બહારથી અલગ-અલગ મહિલાઓને બોલાવી ગેસ્ટ હાઉસના રૂમોમાં મોકલતા હતા અને ગ્રાહકો પાસેથી રોકડ રકમ મેળવી કમિશન મેળવતા હતા. પોલીસે સ્થળ પરથી સંચાલક ધર્મેશભાઈ મયાભાઈ ટોલીયા, હરેશ હનિક લિંબાસિયા, દશરથલાલ દિલીપલાલ રાઠોડને ઝડપી લઈને ગુનો નોંધી રૂા. ૧૫,૪૦૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો.

# રેલનગરમાં પરિણીતાની છેડતી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના રેલનગરના સાધુ વાસવાણી કુંજ રોડ પર આવેલ દ્વારકા વિલેજમાં રહેતા પરિણીતાએ A/૨૦૪માં જ રહેતા હાર્દિક મહેશ પોપટ સામે પ્રનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત તા.૨૭ મેના રોજ આરોપી હાર્દિકે ફરિયાદી અને તેમના પતિનો મોબાઈલ નંબર લખીને ખરાબ કમેન્ટ્સ સાથેના બોર્ડ બનાવી સોસાયટીના નાકે લગાડી દીધા હતા. જે તે સમયે પીડિત પરિવારે પોલીસને જાણ કરી હતી. પરિણીતા પોતાના બાળકોને સ્કૂલ બસમાં બેસાડવા જાય કે બજારમાં ખરીદી કરવા નીકળે ત્યારે આરોપી હાર્દિક સતત તેનો પીછો કરતો હતો. એટલું જ નહીં, ફરિયાદી, તેના પતિ અને બાળકોના ફોટા પાડી તેમાં બીભત્સ ટિપ્પણીઓ ઉમેરીને વાઈરલ કરતો હતો. આરોપી હાર્દિક પોપટ અવારનવાર છેડતી કરતો હોવાથી પરિણીતાએ આવું કરવાની ના પાડતા આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને “આ બાબતે કોઈને જાણ કરીશ તો તને, તારા પતિને અને બાળકોને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. ત્યારબાદ ગત તા.૨૨ જુલાઈના રોજ બપોરે દોઢ વાગ્યાના અરસામાં આરોપીએ સોસાયટીના રહેવાસીઓના WhatsApp ગ્રૂપમાં ફરીથી પરિણીતા વિશે અત્યંત ખરાબ અને ગંદી કોમેન્ટ્સ પોસ્ટ કરી હતી. સતત માનસિક ત્રાસથી કંટાળીને આખરે પરિણીતાએ હાર્દિક પોપટ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીને દબોચી લેવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મત્સ્યઉદ્યોગ અધિકારી રાજકોટમાં 50 હજારની લાંચ લેતા ઝડપાયા

» વર્ક ઓર્ડર આપવા તથા રિજેક્ટ ટેન્ડરના ડિમાન્ડ ડ્રાફ્ટ પરત આપવા પૈસા માંગ્યા હતા
» ભાવનગર એન્ટી કરપશન બ્યુરોની ટીમનું સિવિલ હોસ્પિટલ ચોક પાસે સફળ છટકું



સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના સિવિલ હોસ્પિટલ ચોક નજીક ભાવનગર એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ ગોઠવેલી ટ્રેપમાં મત્સ્યઉદ્યોગ વિભાગના અધિક્ષક (ક્લાસ-૨) ખોડાભાઈ વલ્લભભાઈ રામાણીને રૂ. ૫૦,૦૦૦ની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યા છે. આરોપી મોરબી ખાતે ફરજ બજાવતા હતા અને તેમની પાસે બોટાદ કચેરીનો વધારાનો ચાર્જ પણ હતો.

ACBના જણાવ્યા મુજબ ફરિયાદીએ ચાલુ વર્ષ દરમિયાન મત્સ્યઉદ્યોગ વિભાગમાં કુલ ૭ ટેન્ડર ભર્યા હતા. તેમાંથી ૩ ટેન્ડર મંજૂર થયા હતા જ્યારે ૪ ટેન્ડર રિજેક્ટ થયા હતા. મંજૂર થયેલા ટેન્ડરના વર્ક ઓર્ડર આપવા તેમજ રિજેક્ટ થયેલા ટેન્ડરના ડિમાન્ડ ડ્રાફ્ટ પરત આપવા બદલ આરોપીએ શરૂઆતમાં રૂ. ૧ લાખની લાંચની માંગણી કરી હતી. બાદમાં રકઝક બાદ રૂ. ૫૦,૦૦૦માં સોદો નક્કી થયો હતો. લાંચ આપવા ઈચ્છા ન હોવાથી ફરિયાદીએ ભાવનગર ACBમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ACBના પી.આઈ. આઈ.જે. ગીડા, પી.આઈ. ટી.એસ. રઝવી અને તેમની ટીમે બુધવારે સાંજે રાજકોટના સિવિલ હોસ્પિટલ ચોક નજીક આવેલી SBI બેંક પાસે ટ્રેપ ગોઠવી હતી. ત્યાં આરોપીએ ફરિયાદી પાસેથી રૂ. ૫૦,૦૦૦ સ્વીકારતાં જ ACBની ટીમે તેમને રંગે હાથ ઝડપી લીધા હતા. ACBએ લાંચની રકમ કબજે કરી આરોપી સામે ભ્રષ્ટાચાર સંબંધિત ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસ મુજબ બોટાદ કચેરીના ઇન્ચાર્જ તરીકેની સત્તાનો ઉપયોગ કરીને વર્ક ઓર્ડર અને ડિમાન્ડ ડ્રાફ્ટ પરત આપવાના કામ માટે લાંચ માંગવામાં આવી હોવાનો આરોપ છે.

# ચોરીની શંકાએ શ્રમિકને માર મારતાં મોત, 9 સામે ફરિયાદ

## મઘરવાડાની ફેક્ટરીમાં ખાટલાથી બાંધી મારકૂટનો આરોપ; માલિકના પુત્ર, મેનેજર સહિત આરોપીઓની શોધખોળ




સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના કુવાડવા રોડ પોલીસ મથક વિસ્તારમાં આવેલા મઘરવાડા ગામની કાવ્યા એલોય પ્રા. લિ.માં કોપર વાયર ચોરીની શંકાના આધારે એક શ્રમિકને ખાટલા સાથે બાંધી માર મારવામાં આવ્યો હોવાના આરોપ વચ્ચે તેનું મોત નીપજતાં કુવાડવા રોડ પોલીસે માલિકના પુત્ર, મેનેજર સહિત ૯ શખ્સો સામે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ ફેક્ટરીમાં મજૂરી કરતા સર્વેશ સુશીલકુમાર ચૌહાણે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર તેમના પિતરાઈ ભાઈ ચંદ્રવીર ભગવતી ચૌહાણ છેલ્લા બે મહિનાથી ફેક્ટરીમાં કામ કરતા હતા. મેનેજરે ચંદ્રવીર પાસે અંદાજે ૩૫ કિલો કોપર વાયર મળ્યાનો દાવો કરી તેમને ફેક્ટરીમાં લાવવામાં આવ્યા હતા.ફરિયાદ મુજબ, બુધવારે સવારે ચંદ્રવીરને ફેક્ટરીના ગેટ પાસે ખાટલા પર ઊંધા સુવડાવી દોરીથી બાંધી રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ ચોરીમાં અન્ય કોણ સામેલ છે તે અંગે પૂછપરછના નામે પ્લાસ્ટિકની નળી અને મશીનના પટ્ટાથી માર મારવામાં આવ્યો હતો. મારકૂટ દરમિયાન તેઓ બેભાન થઈ જતા રૂમમાં ખસેડવામાં આવ્યા હતા. બાદમાં ૧૦૮ની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતાં તેમને મૃત જાહેર કર્યા હતા.

આ કેસમાં સાહિલ લીંબાસિયા, શનિ રૈયાણી, પાર્થ હાપલિયા, ડેનિશ હાપલિયા, સત્યમ ડોબરિયા, રમેશ સિદ્ધાર્થ, વિશાલ જાટપ, રાજુ ઠાકોર, મુન્ના વર્મા તથા અન્ય અજાણ્યા શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે મારકૂટ દરમિયાન વધુ માર ન મારવા વિનંતી કરવા છતાં હુમલો ચાલુ રાખવામાં આવ્યો હતો. પોલીસે તમામ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે અને સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.




# રાજકોટના મહિલા તબીબને છ દિવસ ડિઝીટલ એરેસ્ટ કરી સાયબર માફીયાએ 12.90 લાખ પડાવ્યા

## વધુ નાણા આપવા માટે ભાઈને વાત કરતા ભાંડો ફુટ્યો : સાયબર ક્રાઈમ પોલીસમાં ગુનો નોંધાયો

સિટી ન્યૂઝ@રાજકોટ

સાયબર માફીયાઓએ મુંબઈ ક્રાઈમ બ્રાંચ અને સીબીઆઈના નામે ઓળખ આપી મનીલેન્ડરિંગ અને ફ્રોડના ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી મહિલા તબીબને છ દિવસ ડીઝીટલ એરેસ્ટ કરી સાયબર માફીયાઓએ રૂ.૧૨.૯૦ લાખ પડાવી લીધા હતા. રાજકોટના ૧૫૦ ફુટ રિંગ રોડ પર અયોધ્યા રેસિડેન્સીમાં રહેતા અને કેવડા વાડી મેઈન રોડ પર હોમિયોપેથી ક્લિનિક ધરાવતા મહિલા તબીબ ડો. રશ્મિબેન ગૌરંગકુમાર શુક્લા (ઉં.વ.૫૨) નામના તબીબ ગત તા. ૦૯/૦૭/૨૦૨૬ના રોજ તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ TRAIના સિનિયર એડવાઈઝરી ઓફિસર તરીકે આપી હતી અને જણાવ્યું હતું કે, ડોક્ટરના આધાર કાર્ડનો ઉપયોગ કરીને મુંબઈના ચેમ્બુર ખાતેથી સીમકાર્ડ મેળવવામાં આવ્યું છે. આ સીમકાર્ડથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ફ્રોડ થયા હોવાનું કહી, મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામે દેવી સિંહ અને વિજય ખન્ના નામના શખ્સોએ વાત કરી વોટ્સએપ વિડિયો કોલ કરી મનીલેન્ડરિંગના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી મહિલા ડોક્ટરને પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ આપવાનું બહાનું બતાવી, પવાર નામના વ્યક્તિ સાથે વાત કરાવી હતી. આરોપીઓએ કલાકે-કલાકે વિડિયો કોલ કરવાનો આદેશ આપી મહિલા તબીબને સતત પોતાના કબ્જામાં એટલે કે 'ડિજિટલ અરેસ્ટ'માં રાખ્યા હતા. ત્યારબાદ બેંક એકાઉન્ટ, સ્ટોક માર્કેટ અને મ્યુચ્યુઅલ ફંડની વિગતો મેળવી લીધી હતી. કોર્ટના ઓર્ડર અને આર.બી.આઈ.ના લેટરના નામે નાણાં વેરિફિકેશન માટે ટ્રાન્સફર કરવા કહ્યું હતું. ગભરાઈ ગયેલા ડોક્ટરે તબક્કાવાર બે અલગ-અલગ એકાઉન્ટમાં કટકે કટકે રૂ. ૧૨,૯૦,૦૦૦ ટ્રાન્સફર કરી દીધા હતા ત્યાર બાદ પણ ઠગ ટોળકીએ મ્યુચ્યુઅલ ફંડના નાણાં વેરિફાઈ કરવા માટે વિડ્રો કરાવવાની પ્રોસેસ ચાલુ રાખતા, મ્યુચ્યુઅલ ફંડમાં રજિસ્ટર ઈમેઈલ આઈડી ધરાવતા મહિલા ડોક્ટરના ભાઈને શંકા ગઈ હતી. ભાઈએ પૂછપરછ કરતા સમગ્ર ડિજિટલ અરેસ્ટ અને ફ્રોડનો મામલો સામે આવતા મહિલા તબીબે ફરીયાદ કરતા સાયબર ક્રાઈમે ગુનો નોધી આરોપીઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# પ્રેમલગ્ન પછી પતિએ બે વાર મૈત્રીકરાર અને અન્ય સ્ત્રીઓ સાથે આડા સંબંધો રાખ્યા

## પરસાણાનગરમાં રહેતી પરિણીતાને ત્રાસ આપતા સાસરિયા સામે મહિલા પોલીસમાં ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર મહિલા પોલીસ સ્ટેશનમાં પરિણીતાએ પોતાના પતિ, સાસુ, સસરા, જેઠ અને જેઠાણી સામે શારીરિક તથા માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ પરસાણાનગરમાં રહેતી ૪૦ વર્ષીય પરિણીતાએ આરોપી તરીકે પતિ મનીષ કવાભાઈ મેરાણ, સસરા કવાભાઈ, સાસુ સોના, જેઠ પ્રવીણ અને જેઠાણી બેનાનું નામ આપ્યું છે.




પરિણીતાના પ્રેમલગ્ન વર્ષ ૨૦૦૫માં થયા હતા અને બાદમાં સમાજના રીતરિવાજ મુજબ વર્ષ ૨૦૦૭માં ફરી લગ્નવિધિ કરવામાં આવી હતી. લગ્નજીવનના શરૂઆતના વર્ષો સુખમય રહ્યા બાદ પતિ અન્ય સ્ત્રીઓ સાથે સંપર્કમાં હોવાનું જાણવા મળતાં દંપતી વચ્ચે અવારનવાર વિવાદ થવા લાગ્યા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ સંતાન ન થતાં પતિને તબીબી તપાસ કરાવવા કહેવા છતાં તેઓ તૈયાર થતા નહોતા. દરમિયાન સંયુક્ત પરિવારમાં રહેતી પરિણીતાને ઘરખર્ચ સહિતની નાની-મોટી બાબતોમાં સાસરિયાં દ્વારા વારંવાર મેણાં-ટોણાં મારવામાં આવતા હતા. જેઠ દ્વારા બોલાચાલી દરમિયાન મારઝૂડ કરવાનો પ્રયાસ કરવામાં આવતો હતો અને સાસુ-સસરા પણ આ વર્તન સહન કરવાની વાત કહેતા હોવાનું ફરિયાદમાં નોંધાયું છે. પરિણીતાએ વધુમાં જણાવ્યું છે કે, વર્ષ ૨૦૨૦માં પતિએ અન્ય સ્ત્રી સાથે મૈત્રીકરાર કર્યો હતો. ત્યારબાદ પણ બીજી વખત અન્ય સ્ત્રી સાથે મૈત્રીકરાર કરાયો હોવાનું સામે આવ્યું હતું. બંને પ્રસંગે સમાધાન માટે સસરાએ પૈસા ચૂકવ્યા હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉપરાંત પતિના દેવાના હપ્તા પોતે ભર્યા હોવા છતાં સાસરિયાં તરફથી અવગણના કરવામાં આવતી હતી અને સંતાન ન હોવાના કારણે અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવતી હતી. ફરિયાદ મુજબ જેઠાણી રસોડામાં જવા દેતા નહોતા, ઘરકામ બાબતે ઝઘડા થતા હતા તેમજ બીમારી દરમિયાન સારવાર કરાવવાને બદલે અંધશ્રદ્ધા મુજબ દોરા-ધાગા કરાવવામાં આવતા હતા.છેલ્લે નવરાત્રિ દરમિયાન માનસિક ત્રાસ વધતાં પરિણીતા પિયર જતી રહી હતી. વડીલો દ્વારા સમાધાનના પ્રયાસો છતાં ઉકેલ ન આવતા આખરે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. મહિલા પોલીસે પતિ સહિત પાંચ સાસરિયાં સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જસદણના પાંચવડા નજીક બંધ સુટકેસમાંથી શખ્સની લાશ મળી

**» હત્યા બાદ પુરાવાનો નાશ કરવાના ઈરાદે ફેંકી દીધાની શંકાએ તપાસ**

**સિટી ન્યૂઝ@રાજકોટ**





જસદણ તાલુકાના પાંચવડા ગામ નજીક નદી કાંઠેથી એક બંધ સૂટકેસમાંથી અજાણ્યા શખ્સનો કોહવાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. પ્રાથમિક દ્રષ્ટિએ હત્યા બાદ પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી લાશને સૂટકેસમાં ભરી ફેંકી દેવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.સ્થાનિક લોકોના ધ્યાનમાં આવ્યું કે પાંચવડા ગામ નજીક નદીના કાંઠે એક બિનવારસી અને શંકાસ્પદ સૂટકેસ પડ્યો હતો. આટકોટ પોલીસને જાણ થતા તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે સૂટકેસ ખોલતા અંદરથી અત્યંત કોહવાયેલી હાલતમાં માનવ મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકે જીન્સનું પેન્ટ અને શર્ટ પહેરેલું હતું.ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી રાજકોટ ગ્રામ્ય LCB, SOG તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થળનું બારીકાઈથી નિરીક્ષણ કરી જરૂરી પુરાવા એકત્રિત કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહને ફોરેન્સિક તપાસ અને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે.હાલ પોલીસે મૃતકની ઓળખ મેળવવા માટે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી છે. મૃતક કોણ છે, તેની હત્યા ક્યાં અને કયા કારણોસર કરવામાં આવી હતી તેમજ મૃતદેહને અહીં કોણ ફેંકી ગયું તે સહિતના મુદ્દાઓને ધ્યાનમાં રાખી અલગ-અલગ ટીમો દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભય અને ચર્ચાનો માહોલ સર્જ્યો છે. પોલીસ દ્વારા ટૂંક સમયમાં મહત્વની વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

# રાજકોટના ડબલ મર્ડરની ઘટનામાં મૃતકના પુત્ર પાસેથી પિસ્તોલ અને છ કાર્ટિસ કબજે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર સોમનાથ સોસાયટીમાં સુરેશભાઈ અને તેના ભાઈ રાજેશભાઈ ધોળકીયાની છરીના ઘા ઝીંકી હત્યા નીપજાવવાના ગુનામાં પકડાયેલા આરોપી હાર્દિક ધોળકીયા ઉપર ખૂની હુમલાના કેસમાં યુનિવર્સીટી પોલીસે મૃતકના પુત્ર લાખા ધોળકીયાની ધરપકડ કરી રીમાન્ડ પર મેળવ્યો છે. બંને પક્ષો વચ્ચે થયેલી માથાકુટનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો જેમાં આરોપી લાખો હથિયાર લઈ ફરતો હોવાનું અને તેને પોતાના પેન્ટના નેફામાં મુકતો હોવાનું જોવા મળ્યું હતું. આ વીડિયોના આધારે પોલીસે લાખાની ઘનિષ્ઠ પુછપરછ કરતાં તેણે રૈયાધારમાં બંસીધર પાર્ક શેરી નં. ૧માં આવેલા મકાનમાંથી દેશી બનાવટની પિસ્તોલ કાઢી આપી હતી તેની સાથે છ જીવતા કાર્ટીસ પણ મળી આવ્યા હતા. આ બાબતે પુછપરછ કરતા લાખાએ જણાવ્યું કે, બનાવ વખતે તેના પિતા સુરેશભાઈને આરોપી હાર્દિકે છરીના ઘા ઝીંકતા તે જમીન પર ઢળી પડયા હતા. તે વખતે તેના પેન્ટના નેફામાંથી આ પિસ્તોલ નીચે પડી ગઈ હતી. જે પછીથી તેણે પોતાના ઘરે મૂકી દીધી હતી. આ પિસ્તોલ તેના પિતા ક્યારે અને કોની પાસેથી લાવ્યા તે વિશે કંઈ જાણતો નથી. જોકે વીડિયોમાં લાખો પોતે જ આ પિસ્તોલ સાથે ફરતો હોવાનું દેખાયું છે.આ સમગ્ર ઘટનાક્રમના પગલે યુનિવર્સીટી પોલીસે આજે લાખા અને હત્યાનો ભોગ બનનાર તેના પિતા સુરેશભાઈ સામે હેઠળ ગુનો દાખલ કર્યો હતો. એટલું જ નહીં આ પિસ્તોલ ખરેખર લાખો લઈ આવ્યો હતો કે તેના પિતા તે અંગે તપાસ હાથ ધરી છે. જો લાખો લઈ આવ્યો હોય તો તેણે કોની પાસેથી પિસ્તોલ લીધી તે મુદ્દે પણ પોલીસ તપાસ કરશે.

# રાજકોટમાં વરસાદનું રેડ એલર્ટ



## બપોરે 3 વાગ્યાથી ઝરમર-ઝરમર ચાલુઃ મોડી રાત્રે દે ધનાધનની આગાહી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

હવામાન વિભાગે રાજકોટ જિલ્લામાં આગામી ત્રણ કલાક દરમિયાન ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કર્યું છે. બપોરે ૧ થી ૪ વાગ્યા વચ્ચે જિલ્લામાં ભારે વરસાદ વરસી શકે છે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આ આગાહીને ધ્યાનમાં રાખીને ડિઝાસ્ટર મેનેજમેન્ટ તંત્ર દ્વારા નાગરિકોને સતર્ક રહેવા અને જરૂરી ન હોય તો બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને નીચાણવાળા વિસ્તારો અને નદીકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને પૂર આવવાની સંભાવના હોવાથી વધુ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. તંત્રએ લોકોને સુરક્ષિત અને ઊંચાણવાળા વિસ્તારોમાં રહેવાની સલાહ આપી છે. ઉપરાંત, ભારે વરસાદ દરમિયાન વાહન વ્યવહાર ટાળવો અને આપાતકાલીન પરિસ્થિતિમાં સ્થાનિક તંત્રનો સંપર્ક કરવાનો પણ અનુરોધ કરવામાં આવ્યો છે.



# રાજકોટમાં મ્યુચ્યુઅલ ફંડ અંગે રોકાણકારો માટે સેમિનાર યોજાયો

**અરિહંત ઇન્વેસ્ટમેન્ટ અને HDFC મ્યુચ્યુઅલ ફંડના સંયુક્ત ‘મ્યુચ્યુઅલ ફંડ એક સફર હે સુહાના, આજની શિસ્ત, આવતીકાલની સમૃદ્ધિ’ ઉપક્રમે 300થી વધુ રોકાણકારોને નાણાકીય આયોજન અંગે માર્ગદર્શન**

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટની ઠાકર હોટેલ ખાતે અરિહંત ઇન્વેસ્ટમેન્ટ અને HDFC મ્યુચ્યુઅલ ફંડના સંયુક્ત ઉપક્રમે ‘મ્યુચ્યુઅલ ફંડ એક સફર હે સુહાના, આજની શિસ્ત આવતીકાલની સમૃદ્ધિ’ વિષયક સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમમાં શહેરના ૩૦૦થી વધુ રોકાણકારોએ ભાગ લઈ મ્યુચ્યુઅલ ફંડ, નાણાકીય આયોજન અને લાંબા ગાળાના રોકાણ અંગે માર્ગદર્શન મેળવ્યું.

કાર્યક્રમમાં અરિહંત ઇન્વેસ્ટમેન્ટના સ્થાપક મેહુલભાઈ રવાણીએ જણાવ્યું હતું કે રોકાણની સફળતા લાંબા ગાળાની શિસ્ત, ધૈર્ય અને વિશ્વાસ પર આધારિત હોય છે. તેમણે જણાવ્યું કે છેલ્લા ૨૬ વર્ષથી રોકાણકારોએ દર્શાવેલો વિશ્વાસ જ અરિહંત ઇન્વેસ્ટમેન્ટની સૌથી મોટી મૂડી છે. તેમણે રોકાણકારોને બજારના ટૂંકા ગાળાના ઉતાર-ચઢાવથી પ્રભાવિત થયા વગર નિયમિત રોકાણ અને એસઆઈપી ચાલુ રાખવાની સલાહ આપી હતી.

મુખ્ય વક્તા અને નાણાકીય નિષ્ણાત પાર્થભાઈ પાઠકે જણાવ્યું હતું કે દરેક વ્યક્તિએ પોતાની આવક, જવાબદારીઓ અને નાણાકીય લક્ષ્યોને ધ્યાનમાં રાખીને રોકાણ કરવું જોઈએ. તેમણે મ્યુચ્યુઅલ ફંડની સરખામણી વંદે ભારત ટ્રેન સાથે કરતાં જણાવ્યું કે યોગ્ય આયોજન અને શિસ્ત સાથેનું રોકાણ રોકાણકારને તેના નાણાકીય લક્ષ્યો સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ સાબિત થાય છે. સાથે જ તેમણે લાંબા ગાળાના દ્રષ્ટિકોણ અને જોખમના યોગ્ય સંચાલન પર ભાર મૂક્યો હતો.

સેમિનારમાં બજારની વર્તમાન સ્થિતિ, સંપત્તિ સર્જન, નાણાકીય શિસ્ત અને મ્યુચ્યુઅલ ફંડના વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે આયોજકોએ HDFC મ્યુચ્યુઅલ ફંડ અને ઉપસ્થિત રોકાણકારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજકોટ શહેર પોલીસના 49 જવાનોની હેડ ક્વાર્ટરમાં બદલી

**એક જ સ્થળે ૩ વર્ષથી વધુ ફરજ બજાવતા કર્મચારીઓની આંતરિક બદલી; આગામી દિવસોમાં વધુ બદલીની શક્યતા**

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ જિલ્લા પોલીસ બેડામાં મોટા પાયે ફેરફાર બાદ શહેર પોલીસમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા ગઈકાલે(૨૨ જુલાઈ) રાતે એક સાથે ૪૯ પોલીસ કર્મચારીઓની પોલીસ હેડ ક્વાર્ટર ખાતે બદલીઓ કરવામાં આવી છે. જેમાં મોટાભાગે મહિલા પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે.

એક જ સ્થળે ૩ વર્ષ કે તેથી વધુ સમય સુધી ફરજ બજાવતા હોય તેવા મોટા ભાગના તમામ પોલીસ કર્મીઓની બદલી કરવા માટે નિર્ણય કર્યા બાદ ઉચ્ચ અધિકારીઓ દ્વારા યાદી તૈયાર કરી આંતરિક બદલી કરવામાં આવી છે. જેમાં આજે પ્રથમ યાદી જાહેર થયા બાદ આવતા દિવસોમાં બાકી રહેલ ૧૫૦ જેટલા પોલીસ કર્મીઓની બદલી પણ નજીકના દિવસોમાં કરવામાં આવે તેવી પુરી શક્યતા સેવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે આજરોજ બદલી પામેલા તમામ પોલીસ કર્મીઓને તાત્કાલિક અસરથી છુટા કરી બદલીના સ્થળે હાજર થવા માટે ફરમાન કરવામાં આવ્યું છે.રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા તાજેતરમાં એક યાદી તૈયાર કરવામાં આવી હતી. જેમાં એક સ્થળ પર ૩ કે તેથી વધુ વર્ષથી ફરજ બજાવતા હોય તેવા પોલીસ કર્મચારીઓની યાદી બનાવવામાં આવી હતી. આ પછી તૈયાર કરવામાં આવેલ યાદી મુજબ ગઈકાલે ૨૨ જુલાઈ પ્રથમ યાદીમાં એક સાથે ૪૯ પોલીસ કર્મચારીઓની બદલી કરી દેવામાં આવી છે. જેમાં શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમા તેમજ ટ્રાફિક શાખા કે એટેચમે ફરજ બજાવતા પોલીસ કર્મીઓની બદલી શહેર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે કરવામાં આવી છે.પ્રથમ યાદીમાં કુલ ૪૯ પોલીસ કર્મચારીઓની બદલી કરવામાં આવી તેમાંથી મોટાભાગે એટલે કે ૩૧ મહિલા કર્મચારીઓની પોલીસ હેડ ક્વાર્ટરમાં બદલી કરી દેવામાં આવી છે. આ સાથે બદલી પામેલ કર્મચારીઓને કોઈપણ જાતના બેક રેફરન્સ વગર આજે જ છુટા કરી બદલી પામેલ સ્થળ પર મોકલી આપવા નોંધ કરવામાં આવી છે. અને તમામ કર્મચારીઓને છુટા કર્યા બાદ અને હાજર થયા અંગેની જાણ ઈ-મેઈલ મારફતે જાણ કરવા સૂચના આપવામાં આવી છે.

# મોરવાડામાં જળસંચયથી ગ્રામ વિકાસ માટે ગ્રામસભા યોજાઈ

**ગીરગંગા પરિવાર ટ્રસ્ટે વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળસ્તર વધારવા ગ્રામજનોને માર્ગદર્શન આપ્યું**

સિટી ન્યૂઝ@જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના મોરવાડા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળસંચય અને જળવ્યવસ્થાપન અંગે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ કરી ભૂગર્ભ જળસ્તર ઊંચું લાવવા તેમજ ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ માટે વિવિધ ઉપાયો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે ખેતી અને ગ્રામ્ય અર્થતંત્રનો મજબૂત આધાર જળસંચય છે. ટ્રસ્ટ દ્વારા લોકભાગીદારીના સહયોગથી ચેકડેમ ઊંડા ઉતારવા, ખેત તલાવડીઓનું નિર્માણ અને બોર રિચાર્જ સહિતના જળસંચયના કાર્યો કરવામાં આવી રહ્યા છે. તેમણે જણાવ્યું કે વરસાદી પાણીનો અસરકારક સંગ્રહ કરવામાં આવશે તો ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે અને ખેડૂતોને લાંબા ગાળે તેનો લાભ મળશે. ગ્રામસભામાં પાણીના દરેક ટીપાનું મહત્વ સમજાવી વરસાદી પાણી જમીનમાં ઉતારવા માટેની વિવિધ પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગ્રામજનોએ પણ જળસંચય અભિયાનને આવકાર આપીને ટ્રસ્ટને સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં સરપંચ દુર્લભભાઈ કાપડીયા સહિત ગામના આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિતોએ ગામના હિત માટે જળસંચયના કાર્યોને વધુ ગતિ આપવા સૌના સહયોગથી આગળ વધવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.




# ગોંડલના શ્રી રામજી મંદિરે ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન

## 19 જુલાઈથી શ્રી રામચરિત માનસ પાઠ, રામકથા અને સંતોના પ્રવચનનો ત્રિવેણી સંગમ; 29 જુલાઈએ ગુરુપૂર્ણિમાની ધામધૂમથી ઉજવણી

**સિટી ન્યૂઝ@ગોંડલ**

અષાઢ સુદ પૂર્ણિમાના પાવન અવસરે ગુરુપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી માટે ગોંડલના સુપ્રસિદ્ધ શ્રી રામજી મંદિર ખાતે વિશાળ ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે. લાખો ભક્તોની આસ્થાના કેન્દ્ર એવા શ્રી રામજી મંદિર ખાતે તા. ૧૯ જુલાઈથી તા. ૨૯ જુલાઈ સુધી શ્રી રામચરિત માનસ સમૂહ પાઠ, શ્રી રામકથા, સંતોના પ્રવચન, યજ્ઞ, ગૌશાળા લોકાર્પણ અને ગુરુપૂર્ણિમા મહોત્સવ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય માહોલથી ગુંજી ઉઠશે અને હજારો ભાવિકો દર્શન તથા ધર્મલાભ માટે ઉમટી પડશે.

મહોત્સવની શરૂઆત તા. ૧૯ જુલાઈ, રવિવાર (અષાઢ સુદ છઠ) ના રોજ સવારે ૮ વાગ્યે ભવ્ય પોથીયાત્રા સાથે થશે. ત્યારબાદ દરરોજ સવારે ૮ થી ૧૨ વાગ્યા સુધી પ્રખર રામાયણી પ.પૂ. શ્રી બાલકદાસજી મહારાજના સાનિધ્યમાં શ્રી રામચરિત માનસ સમૂહ પાઠ યોજાશે. જ્યારે બપોરે ૪ થી ૭ વાગ્યા દરમિયાન સરસ્વતી સ્વરૂપા બાલવિદુષી માધવીજી પાઠક દ્વારા શ્રી રામકથાનું રસપાન કરાવવામાં આવશે. સાંજે ૭ થી ૮ વાગ્યા સુધી મહંતશ્રી જયરામદાસજી મહારાજ તથા અન્ય પૂજ્ય સંતોના પ્રેરણાદાયી પ્રવચનોનો લાભ ભાવિકોને મળશે. આ સમૂહ પાઠની પૂર્ણાહુતિ તા. ૨૭ જુલાઈના રોજ કરવામાં આવશે.

તા. ૨૮ જુલાઈ, મંગળવારના રોજ ભવ્યાતિભવ્ય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે રામચેતન ગૌશાળા-કંટોલીયા (વિભાગ-૧, વિભાગ-૨ અને વિભાગ -૩) નું લોકાર્પણ પણ પૂજ્ય સંતોના હસ્તે કરવામાં આવશે. આ તકે લઘુ રામ યજ્ઞ યોજાશે જેમાં મુખ્ય યજમાન તરીકે ઘનશ્યામભાઈ જીવરામભાઈ જોબનપુત્રા પરિવાર જોડાશે

તા. ૨૯ જુલાઈએ ગુરુપૂર્ણિમાના પાવન દિવસે સદ્‌ગુરુદેવ શ્રી રણછોડદાસજી મહારાજની નિશ્રામાં, મહામંડલેશ્વર શ્રી હરિચરણદાસજી મહારાજના અદ્દશ્ય આશીર્વાદથી તથા મહંતશ્રી જયરામદાસજી મહારાજની પ્રેરક ઉપસ્થિતિમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

સવારે ૬ વાગ્યે ગુરુદેવની પાદુકા પૂજનથી કાર્યક્રમનો પ્રારંભ થશે. સવારે ૧૦ થી ૧૧ વાગ્યા દરમિયાન પ.પૂ. શ્રી રણછોડદાસજી મહારાજ તથા પ.પૂ. શ્રી હરિચરણદાસજી મહારાજની પાદુકા પૂજન અને ગુરુવંદના યોજાશે. સવારે ૧૦:૩૦ થી ૧૧:૧૫ વાગ્યા સુધી મહંતશ્રી જયરામદાસજી મહારાજના આશીર્વચનનો લાભ મળશે. ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યે સમૂહ મહાપ્રસાદ (ગુરુપૂર્ણિમા ભંડારો) યોજાશે.

મહોત્સવ દરમિયાન દરરોજ સંતવાણી, ભજન-કીર્તન, કથા, ભોજન પ્રસાદ તથા ભંડારાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. ગુરુપૂર્ણિમાના પાવન અવસરે મહારાજશ્રીના દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે ગોંડલ સહિત રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

શ્રી રામજી મંદિર ટ્રસ્ટ પરિવાર, મહંતશ્રી જયરામદાસજી મહારાજના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકો અને સેવાભાવી કાર્યકરો દ્વારા સમગ્ર મહોત્સવને સફળ બનાવવા માટે તડામાર તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ટ્રસ્ટ દ્વારા તમામ ભાવિકોને આ દિવ્ય ધર્મોત્સવમાં સહપરિવાર ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આલિયાબાડા-હાપા-જામનગર ડબલિંગથી ટ્રેનોના સંચાલનમાં વ્યાપક ફેરફાર

## 23 જુલાઈથી 7 ઓગસ્ટ સુધી અનેક ટ્રેનો રદ્દ, ટૂંકા રૂટ, રીશેડ્યૂલ અને રેગ્યુલેટ; મુસાફરોને નવી સમયસૂચિ તપાસવાની ખાસ અપીલ




**સિટી ન્યૂઝ@રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન હેઠળ આલિયાબાડા-હાપા-જામનગર રેલખંડ પર ચાલી રહેલી ડબલિંગ કામગીરીને કારણે ૨૩ જુલાઈથી ૭ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ટ્રેનોના સંચાલનમાં મોટા પાયે અસ્થાયી ફેરફારો કરવામાં આવ્યા છે. આ મહત્વપૂર્ણ અને લાંબા ગાળે લાભદાયી કામગીરીને કારણે હાલ મુસાફરોને થોડી અસુવિધાનો સામનો કરવો પડી શકે છે, પરંતુ ભવિષ્યમાં વધુ ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક રેલ સેવા ઉપલબ્ધ થવાની શક્યતા છે. આ સમયગાળા દરમિયાન કેટલીક ટ્રેનો આંશિક રદ્દ (શોર્ટ ટર્મિનેશન), આંશિક પ્રારંભ (શોર્ટ ઓરિજિનેશન), મોડી દોડશે તેમજ અનેક ટ્રેનોને માર્ગમાં નિયંત્રિત (રેગ્યુલેટ) કરવામાં આવશે, જેના કારણે મુસાફરોને સમયસર માહિતી મેળવવી જરૂરી બની છે.

રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝન વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીનાએ જણાવ્યું છે કે આ સમયગાળા દરમિયાન ઓખા-ભાવનગર, ભાવનગર-ઓખા, જામનગર-વડોદરા ઈન્ટરસિટી, હાપા-મુંબઈ દુરંતો, જામનગર-બાંદ્રા હમસફર, ઓખા-રાજકોટ લોકલ, રાજકોટ-ઓખા લોકલ સહિત અનેક મહત્વની ટ્રેનોના સમય, પ્રસ્થાન સ્થળ અથવા રૂટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કેટલીક ટ્રેનો સંપૂર્ણપણે રદ્દ પણ રહેશે, જેના કારણે મુસાફરોને અગાઉથી આયોજન કરવાની ખાસ સલાહ આપવામાં આવી છે. આ ફેરફારોને કારણે મુસાફરોને વિકલ્પિક વ્યવસ્થા કરવાની જરૂર પડી શકે છે.

આ ઉપરાંત વંદે ભારત, સૌરાષ્ટ્ર એક્સપ્રેસ, હમસફર, દુરંતો, ઓખા-બનારસ, સિકંદરાબાદ-પોરબંદર, નાથદ્વારા-ઓખા, તિરુનેલવેલી-જામનગર સહિત અનેક ટ્રેનોને વિવિધ તારીખોએ ૧૦ મિનિટથી લઈને અનેક કલાક સુધી રેગ્યુલેટ અથવા રીશેડ્યૂલ કરવામાં આવશે. કેટલીક ટ્રેનોના સ્ટોપેજમાં પણ ફેરફાર થવાની શક્યતા છે, જેના કારણે મુસાફરોને પોતાના પ્રવાસ પહેલા સંપૂર્ણ માહિતી મેળવવી જરૂરી બની છે.

પશ્ચિમ રેલવેએ મુસાફરોને યાત્રા શરૂ કરતા પહેલાં પોતાની ટ્રેનની નવીનતમ સ્થિતિ તપાસવાની ખાસ અપીલ કરી છે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય વિગતો માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર માહિતી મેળવી શકે છે તેમજ રેલવે હેલ્પલાઈનનો પણ ઉપયોગ કરી શકે છે. મુસાફરોને અનાવશ્યક મુશ્કેલીથી બચવા માટે સમયસર માહિતી મેળવી યોગ્ય આયોજન કરવાની સલાહ આપવામાં આવી છે.

# તાલુકા કક્ષાની રમતોમાં માતુશ્રી મચાબા સ્કૂલનો શાનદાર અને ગૌરવપૂર્ણ દેખાવ

## ખો-ખો અને કબડ્ડીમાં વિજેતા બની જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે ક્વોલિફાય, શાળાનું નામ રોશન

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજપરા સ્થિત માતુશ્રી મચાબા દાદુભા પ્રભાતસિંહજી સ્કૂલના વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાની રમતગમત સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. અંડર-૧૪ વિભાગમાં ખો-ખોમાં વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓની બંને ટીમ તેમજ કબડ્ડીમાં વિદ્યાર્થીઓની ટીમ વિજેતા બની જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે ક્વોલિફાય થઈ છે.વિદ્યાર્થીઓની આ સિદ્ધિને પગલે સમગ્ર શાળા પરિવારમાં આનંદ અને ગૌરવની લાગણી પ્રસરી છે. હવે તમામ વિજેતા ખેલાડીઓ આગામી જિલ્લા કક્ષાની સ્પર્ધાઓમાં તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે. શાળાના આચાર્યા કીર્તીબહેન ગોસ્વામી તથા સંચાલક એન.ડી. જાડેજાએ ખેલાડીઓને અભિનંદન પાઠવી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. શાળા દ્વારા જણાવાયું છે કે રમતગમતની સાથે વિદ્યાર્થીઓ અભ્યાસ ક્ષેત્રે પણ સતત ઉત્તમ પરિણામો મેળવી રહ્યા છે. વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ, શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ, ઉજવણીઓ, પ્રવાસ અને પિકનિકના આયોજનથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયાસ કરવામાં આવે છે.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| XTRANET TECHNOLOGIES | 23/7 | 27/7 | 120 - 127 | 110 | 13,970 |
| INDO-MIM | 23/7 | 27/7 | 461 - 485 | 30 | 14,550 |
| LOHIA CORP | 23/7 | 27/7 | 404 - 425 | 35 | 14,875 |
| SME DETAILS | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| METALIC TECHNOFORGE | 21/7 | 23/7 | 72 - 77 | 3200 | 2,46,400 |
| SHREE BALAJI (MALA) TEXTILES | 22/7 | 24/7 | 66 - 70 | 4000 | 2,80,000 |
| SILVERSTORM PARKS & RESORTS | 24/7 | 28/7 | 123 - 133 | 2000 | 2,66,000 |
| ADVANCE TECHNOFORGE | 27/7 | 29/7 | 95 | 2400 | 2,28,000 |
| PROPSHOP EVENTS & EXHIBITIONS | 27/7 | 29/7 | 65 - 69 | 4000 | 2,76,000 |
| FUSION KLASSROOM EDUTECH | 31/7 | 04/8 | 151 - 159 | 1600 | 2,54,400 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- JSW ENERGY ઓપરેશનલ આવકઃ વાર્ષિક ધોરણે ૧.૨% ના નજીવા વધારા સાથે ૫,૨૦૭.૧૩ કરોડ થઈ છે, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં ૫,૧૪૩.૩૭ કરોડ હતી. કુલ આવકઃ વાર્ષિક ૦.૫% વધીને ૫,૪૩૬.૫૭ કરોડ નોંધાઈ છે. ચોખ્ખો નફોઃ ગયા વર્ષના સમાન ગાળાના ૭૪૩.૧૨ કરોડની સરખામણીએ ઘટીને ૪૭૦.૯૭ કરોડ રહ્યો છે. EBITDA: ઓપરેટિંગ સ્તરે મજબૂત પ્રદર્શનને કારણે તે 3% વધીને ૨,૮૭૩ કરોડ થયું છે.
- ORACLE FINANCIAL SERVICES SOFTWARE ઓપરેશનલ આવકઃ વાર્ષિક ધોરણે ૬૯% વધીને ૩,૧૨૫ કરોડ થઈ છે, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં ૧,૮૫૨.૨ કરોડ હતી. ત્રિમાસિક ધોરણે પણ આવક ૫૧.૩% વધી છે ચોખ્ખો નફોઃ ગયા વર્ષના Q૧ ના ૬૪૨ કરોડની સરખામણીએ વધીને ૧,૪૧૬ કરોડ થયો છે. ઓપરેટિંગ પ્રોફિટઃ ૧૨૩% ના ગ્રોથ સાથે ૧,૮૬૧ કરોડ નોંધાયો છે.
- UNITED SPIRITS ઓપરેશનલ આવકઃ વાર્ષિક ધોરણે ૪.૨૩% વધીને ૨,૭૦૮.૨૦ કરોડ થઈ છે, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં ૨,૫૯૮.૨૦ કરોડ હતી. ત્રિમાસિક ધોરણે માર્ચ ક્વાર્ટરના ૨,૮૧૦ કરોડ સામે આવકમાં થોડો ઘટાડો જોવા મળ્યો છે. કુલ આવકઃ અગાઉના વર્ષના ૨,૬૨૨.૭૦ કરોડની સરખામણીએ ૨,૭૩૫.૬૦ કરોડ નોંધાઈ છે. ચોખ્ખો નફોઃ ગયા વર્ષના Q૧ ના ૪૧૭ કરોડની સરખામણીએ વધીને ૪૬૩.૦૦ કરોડ થયો છે.
- ORIENT GREEN POWER COMPANY ઓપરેશનલ આવકઃ વાર્ષિક ધોરણે ૭% ઘટીને ૮૧.૪૩ કરોડ થઈ છે, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં ૮૭.૩૮ કરોડ હતી. ત્રિમાસિક ધોરણે તે Q૪ FY૨૬ ના ૩૮.૫૯ કરોડ સામે ૧૧૧.૦૧% વધી છે. કુલ આવકઃ વાર્ષિક ધોરણે ૭.૭૧% ના ઘટાડા સાથે ૮૬.૨૪ કરોડ નોંધાઈ છે. EBITDA: વાર્ષિક ધોરણે ૯% ઘટીને ૬૦.૦૧ કરોડ રહ્યું છે. EBITDA માર્જિનઃ ઓપરેશનલ ખર્ચ પર મજબૂત નિયંત્રણને કારણે માર્જિન ૭૦% ના મજબૂત સ્તરે જળવાઈ રહ્યું છે (ગયા વર્ષે ૭૧% હતું).
- SHOPPERS STOP ઓપરેશનલ આવકઃ વધીને ૧,૨૯૧.૪૧ કરોડ થઈ છે, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં ૧,૧૬૧.૦૮ કરોડ હતી. ચોખ્ખો લોસઃ ગયા વર્ષના Q૧ ના ૧૫.૭૪ કરોડની સરખામણીએ ઘટીને ૧૪.૨૫ કરોડ રહ્યો છે. EBITDA: ૯.૨% વધીને ૧૮૭ કરોડ નોંધાયું છે, જે ગયા વર્ષે ૧૭૨ કરોડ હતું.
- WATERWAYS LEISURE TOURISM ઓપરેશનલ આવકઃ વાર્ષિક ધોરણે ૮% વધીને ૧૯૦.૧૧ કરોડ થઈ છે, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં ૧૭૬.૩૨ કરોડ હતી. જ્યારે ત્રિમાસિક ધોરણે માર્ચ ક્વાર્ટરના ૧૫૪.૦૮ કરોડ સામે તેમાં ૨૩.૩૮% નો વધારો જોવા મળ્યો છે ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૩૪.૭૭ કરોડથી ઘટીને ૨૨.૭૭ કરોડ થયો છે. જોકે, ત્રિમાસિક ધોરણે તે માર્ચ ક્વાર્ટરના ૧૮.૦૧ કરોડની સરખામણીએ ૨૬.૪૧% વધ્યો છે EBITDA: ઓપરેશનલ ખર્ચ વધવાને લીધે વાર્ષિક ધોરણે ૧૮.૩૬% ઘટીને ૪૫.૦૩ કરોડ રહ્યું છે, જે ગયા વર્ષે ૫૫.૧૫ કરોડ હતું.
- NESTLE INDIA ઓપરેશનલ આવકઃ વાર્ષિક ધોરણે ૨૫.૧૬% વધીને ૬,૩૭૮.૧૮ કરોડ થઈ છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૫,૦૯૬.૧૬ કરોડ હતી. ચોખ્ખો નફોઃ ગયા વર્ષના Q૧ ના ૬૪૬.૫૯ કરોડની સરખામણીએ વધીને ૯૫૮.૬૮ કરોડ થયો છે. EBITDA: ૩૯.૮૧% ના વધારા સાથે ૧,૫૩૮.૧૩ કરોડ નોંધાયું છે.
- GANDHAR OIL REFINERY INDIA કુલ આવકઃ ૧,૭૩૧.૯૩ કરોડ રહી છે, જે Q૧ FY૨૬ ના ૯૦૨.૯૬ કરોડ સામે ૯૨% નો વધારો દર્શાવે છે. ચોખ્ખો નફોઃ વાર્ષિક ધોરણે ૨૬.૨૩ કરોડથી વધીને ૨૦૫.૮૯ કરોડ થયો છે. EBITDA: ૨૮૧ કરોડ નોંધાયું છે, અને EBITDA માર્જિન ૧,૧૧૦ બેસિસ પોઈન્ટ વધીને ૧૬.૨% થયું છે. (EPS): ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં ૨.૬૮ ની સરખામણીએ વધીને ૧૯.૬૫ થઈ છે.

DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?




**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – **“સિટી ન્યૂઝ રાજકોટ”** સુધી!

તમારી સમસ્યાનો **ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત **અધિકારીઓ** સુધી પહોંચાડશું

## ચૂંટણી હોય કે ન હોય – “સિટી ન્યૂઝ” હંમેશાં રાજકોટની પડખે!



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે આપનો સહકાર જરૂરી**